Wednesday 01, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૪૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### સાંસદ ધવલભાઈ પટેલના હસ્તે ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં

## ભીલાડ ટુ-વે રેલવે અંડરપાસનું લોકાર્પણ









(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૦ :** ઉમરગામ તાલુકાના લોકો લાંબા સમયથી જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ભીલાડ ટુ-વે રેલવે અંડરપાસનું આજે સાંસદ ધવલભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. અંડરપાસ શરૂ થતાં જ રાહદારીઓ, વાહનચાલકો અને સ્થાનિકોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

ઉમરગામ તાલુકાના પ્રવેશદ્વાર સમાન ગણાતા ભીલાડ રેલવે અંડરપાસનું કામ લાંબા સમયથી મંથર ગતિએ ચાલી રહ્યું હતું. જેના કારણે ઉમરગામ, સરીગામ અને વાપી વચ્ચે રોજિંદી અવરજવર કરતા હજારો વાહનચાલકોને ભારે ટ્રાફિકનો સામનો કરવો પડતો હતો. ઘણી વખત કલાકો સુધી ટ્રાફિક જામમાં ફસાઈ રહેવું પડતું હોવાથી લોકોમાં ભારે અસંતોષ જોવા મળતો હતો. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે રેલવે વિભાગ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. ત્યારબાદ ટુ-વે અંડરપાસને મંજૂરી મળતા કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે વિવિધ કારણોસર કામમાં વિલંબ થતાં ધારાસભ્ય રમણભાઈ પાટકર અને સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા સતત અનુસરણ કરવામાં આવ્યું હતું. તેમના પ્રયાસોના પરિણામે આખરે કામગીરી પૂર્ણ થતાં આજે અંડરપાસ જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત ભીલાડ ગ્રામ પંચાયતના સરપંચ વૈશાલીબેન દ્વારા મહાનુભાવોના સ્વાગત સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન, ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, રેલવે વિભાગના અધિકારીઓ તેમજ વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં વિકાસલક્ષી કાર્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

લોકાર્પણ પ્રસંગે ભીલાડ તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ટુ-વે અંડરપાસ શરૂ થતાં હવે ઉમરગામ-વાપી માર્ગ પર ટ્રાફિકની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે અને વાહનચાલકોને વધુ સુરક્ષિત તથા સુગમ મુસાફરીનો લાભ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

Happy Doctor Day

TRICARE
MULTISPECIALITY HOSPITAL

Dr. Krupal Patel
Md. Critical Care Specialist,
General Physician

For Appointment
Contact At
+91 96624 89936
Timing: 10:00am to 2:00pm

2, Crystal Plaza, Beside Suzuki Two Wheelers, N.H. 48,
Vapi, Dist. Valsad (Guj.) 396 191.

Happy Doctors Day

20% DISCOUNT

વજન
વધારો | ઘટાડો

✓ કોલેસ્ટરોલ મેનેજમેન્ટ
✓ ઈમ્યુનિટી બુસ્ટ-અપ પ્લાન
✓ થાઈરોઈડ મેનેજમેન્ટ
✓ ડાયાબિટીક મેનેજમેન્ટ
✓ PCOS

NO કોઈ પાવડર
NO કોઈ દવા

SATVIK Nutrition

Dr. POOJA KOTADIA
DENTIST AND VEDIC NUTRUTIONIST
9725749488 / 9512339965

એફ-૨-૩, ગાર્ડન વ્યુ, જી.આઈ.ડી.સી ગાર્ડન ની સામે, અંબામાતા મંદિર ની પાસે, જી.આઈ.ડી.સી , વાપી, ગુજરાત.

HAPPY DOCTOR'S DAY

Dr. Yogendra Khalasi
MBBS, DMRD
Consultant Radiologist

Shree Jalaram Sonography & Colour Doppler Clinic

108, 1st Fl., Shop 'N' Care, Opp. Ashadham School, Koparli Road, VAPI.
Tel.: 0260-2430601 • Cell : 097277 60601 • Email: dryjkhalasi77@gmail.com





STATE OF ART 1.5 TESLA MRI

STATE OF ART MULTI SLICE CT SCAN

PRECISION IMAGING PERFECTION

ADVANCED IMAGING MRI CENTRE
ADVANCED IMAGING CT SCAN CENTRE

1st Floor, Shop 'N' CARE, KOPARLI ROAD, VAPI • Cell : 09227788661, 092277 88662
Timing : 9 a.m. To 8.00 p.m. (Monday to Saturday)

Dr. Vandana Khalasi
M.B.B.S., D.N.H., FMAS
Consultant Gynaecologist
Infertility Specialist

Blossom
MATERNITY & CHILDREN HOSPITAL
Healing Hands & Caring Hearts

1st & 2nd Floor, C-Wing, Trishla Co.Op. Hou. So. Ltd., Nr St. Xavier's School,
Koparli Road, Chharwada, VAPI - 396 191 • Cell : 97274 60607

RAINBOW™
SUPERSPECIALITY HOSPITAL
Managed by: Vapi Multispeciality Hospital & Research Centre Pvt. Ltd.

| Day | Name | Speciality | Time |
|---|---|---|---|
| FULLTIME | Dr. Tejas Shah | Physician | 9:00 am to 11:00 am & 4:00pm to 6:00pm |
| | Dr. Pranav Oza | Cardiologist | 10:00am to 01:00pm & 5:00pm to 6:30pm (Evening OPD on Mon & Fri) only |
| | Dr. Ankur Patel | Orthopedic Surgeon | 11:00am to 1:00Pm & 5:00Pm to 7:00Pm |
| | Dr. Sagar Jethwa | Nephrologist | 11:00Am to 1:00pm |
| | Dr. Raj Tandel | Gastroenterologist | 05:00pm to 7:00Pm (Mon, Tues, Wed, Sat ) |
| | Dr. Hemant Patil | General Surgeon | 06:00Pm to 07:00pm |
| | Dr. Vivekanand Machhi | Gynecologist | 9:30am to 1:00pm & 5:00pm to 8:00pm |
| | Dr. Vastsal Malaviya | Pediatrician | 9:30am to 1:00pm & 5:00pm to 8:00pm |
| | Dr. Ketan Davda | Pathologist | 9:00am to 2:00pm & 5:00pm to 7:00pm |
| | Dr. Pratik Raiththa | Radiologist | 5:00pm to 8:00pm |
| | Dr. Naitik Patel | Radiologist | 11:00am to 1:00pm |
| | Dr. Chirag Dave | Physiotherapist | 11:00am to 1:00pm & 4:00pm to 7:00pm |
| | Dr. Ojash Modi | Plastic Surgeon | 12:00Pm to 01:00pm & 6:00pm to 7: 00pm |
| | Dr. Kartik Patel | Urologist | 4:00pm to 7:00pm |
| | Dr. Aakash Shah | Critical Care Specialist | 9:00 am to 3:00 pm |
| | Dr. Rupal Patel | Anesthetist | 10:00 am to 7:00 pm |
| | Dt. Dhruvi Naik | Dietitian | 09:30 am to 06:00pm |
| | Dr. Soham Patel | Neuro Surgeon | 03:00 pm to 07:00pm |
| | Dr. Hinal Parmar | Neuro Physician | 10:00 am to 01:00pm |
| | Dr. Ilesh Shah | General Surgeon | 08:30Am to 09:30Am |
| MONDAY | Dr. Mrudul Patel | Onco Surgeon | 04.00 p.m. to 05. 00p.m |
| | Dr. Harsh Gandhi | Gastroenterologist | 11.00 a.m. to 01. 00p.m (Mon, Wed,Saturday) |
| TUESDAY | Dr. Mohit Sethia | Gastroenterologist | 04.00 p.m. to 05. 00p.m |
| | Dr. Udit Patel | Neuro Physician | 05:00 p.m. to 06:00 p.m.(Mon .Tues Wed, Thurs) |
| WEDNESDAY | Dr. Nilesh Godhani | Gastroenterologist | 2:00Pm to 3:00Pm |
| | Dr. Aalap Mehta | HIV Specialist | 01:30pm to 02:30pm |
| | Dr. Nimesh Shah | Dermatologist | Every Wed 3:00pm |
| | Dr. Snehal Dixit | Cardiothoracic Surgeon | 1st & 3rd Wed 2:30 pm to 4:00 pm |
| | Dr. Dharmesh Vaghasiya | Hematologist | 1st & 3rd Wed 10:00 am to 11:00 am |
| | Dr. Aditya Mahaskar | Psychiatrist | 3:00Pm to 6:00Pm |
| | Dr. Dipen Bhuva | Medical Hemato & Oncologist | Wed 2nd & 4th 1:00 pm to 2:00 pm |
| | Dr. Nishil Shah | Rheumatologist | 1st & 3rd Wednesday 12:00Pm to 1:00 pm |
| | Dr. Meet Desai | Gastro Surgeon | 12:00 pm to 02:00 pm |
| THURSDAY | Dr. Pallav Parikh | Gastroenterologist | 11:00Am To 12:00Pm |
| FRIDAY | Dr. Gaurang Gheewala | Neurologist | 4:30 Pm to 5:30 Pm |
| SATURDAY | Dr. Mitesh Halvawala | Hematologist & Oncohaematologist | 1st & 3rd Saturday 2:30pm to 3:30pm |
| | Dr. Chirag Chhatwani | Infectious Disease Specialist | 01:30 Pm to 2:30pm 1st & 3rd |
| | Dr. Dharmesh Davra | Vascular & Endovascular Surgeon | Every 1st & 3th Saturday 11:00am to12:00pm |
| SUNDAY | Dr. Pratik D Gandhi | Vitreo Retinal Surgeon | 9:00Am **2nd Thursday** |
| On Call Doctor's | Dr. G L Chaudhary | Plastic Surgeon | As per Appointment |
| | Dr. Vinay Patel | Physician | As per Appointment |
| | Dr. Naraindas Kewlani | Urologist | As per Appointment |
| | Dr. Ritesh Parmar | Neuro Surgeon | As per Appointment |
| | Dr. Manish Patel | Psychiatrist | As per Appointment |
| | Dr. Rakesh Sheth | ENT Surgeon | As per Appointment |
| | Dr. Tushar Dixit | Surgeon | As per Appointment |
| | Dr. Mayur Jain | CVTS | As per appointment |
| | Dr. Chintan Patel | Chest Physician | As per appointment |
| | Dr. Jeet Nadpara | Psychiatrist | As per appointment |
| | Dr. Pratosh Alurkar | Faciomaxillary & Oral Surgeon | As per appointment |
| | Dr. Priyesh Panjikar | Faciomaxillary & Oral Surgeon | As per appointment |

CM-8/16, Next to Nexa Showroom & Aakar Motors, N. H. No. 8, Vapi (E) – 396195, Gujarat, India
Tel: +91 75674 50498 / 7228065333 E-Mail: admin@rainbowhospitalvapi.com
24*7 Laboratory, Pharmacy, Ambulance & Radiology Services

## મોટામાંળુગાની પ્રા. શાળાના નિર્માણમાં ભ્રષ્ટાચારના સ્થાનિકો દ્વારા આક્ષેપ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**આહવા, તા. ૩૦ :** ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં આવેલા મોટામાંળુગા ગામે શિક્ષણ વિભાગની બેદરકારી અને ભ્રષ્ટાચારનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં સર્વ શિક્ષા અભિયાન (SSA) અંતર્ગત કરોડો રૂપિયાના માતબર ખર્ચે આદિવાસી બાળકો માટે નવી પ્રાથમિક શાળાના મકાનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.પરંતુ, સ્થાનિકોના આક્ષેપ અનુસાર સંબંધિત ઈજારદાર (કોન્ટ્રાક્ટર) દ્વારા કોઈ પણ પ્રકારના ભય વગર ખુલ્લેઆમ હલકી કક્ષાનું માલ-મટીરીયલ વાપરીને મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. શાળાના બિલ્ડીંગના પાયા સમાન આડા બીમ, લેન્ટર અને સ્લેબ ભરવાની કામગીરીમાં માત્ર વેઠ ઉતારવામાં આવી રહી છે. નિર્માણ કાર્યમાં ગુણવત્તા વગરનું નબળું સિમેન્ટ, હલકી કક્ષાની રેતી અને સ્ટીલ (લોખંડ)નો ઉપયોગ થઈ રહ્યો છે, એટલું જ નહીં પરંતુ રેતીની જગ્યાએ મોટા પાયે ડસ્ટ અને ગ્રીટનો વપરાશ કરવામાં આવી રહ્યો છે. આ પરિસ્થિતિ જોતા ભવિષ્યમાં કરોડોના ખર્ચે તૈયાર થઈ રહેલું આ આખું બિલ્ડીંગ સાવ ખોખલું સાબિત થશે અને આગામી ચોમાસામાં જ આ નવા બનતા મકાનનો સ્લેબ લીકેજ થવા માંડે તો પણ નવાઈ નહીં, તેવી ભીતિ સેવાઈ રહી છે.આ સમગ્ર કૌભાંડ પાછળ ઈજારદાર અને સર્વ શિક્ષા અભિયાન (ડાંગ)ના ઈજનેર ચંદુભાઈ પટેલની મિલીભગત હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.સ્થાનિકોનું કહેવું છે કે આદિવાસી બાળકોના ભવિષ્ય અને સુવિધા માટે સરકાર દ્વારા ફાળવવામાં આવતી કરોડો રૂપિયાની ગ્રાન્ટ આ બંનેની સાંઠગાંઠમાં ઓહિયા થઈ રહી છે.આ સ્કૂલ સરહદી વિસ્તાર (બોર્ડર) પર આવતી હોવાનો ગેરલાભ ઉઠાવીને ઈજનેર ચંદુભાઈ પટેલ ક્યારેય સાઈટ પર સુપરવિઝન કરવા પણ આવતા નથી. પોતાની નિર્ધારિત ટકાવારી (કમિશન) મેળવવામાં મસ્ત બનેલા આ સરકારી બાબુ ગરીબ આદિવાસી બાળકોની પાયાની સુવિધાઓ અને તેમના જીવન સાથે ગંભીર છેડછાડ કરી રહ્યા છે. સરકારી નાણાંનો આવો દુર્વ્યય અને નબળું બાંધકામ જોઈને સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈને ગ્રામજનો તથા સ્થાનિક આગેવાનો દ્વારા હવે આ સમગ્ર ભ્રષ્ટાચાર અંગે સીધા મુખ્યમંત્રી (CM) કક્ષાએ લેખિત ફરિયાદ કરી ઉચ્ચ સ્તરીય તપાસ કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## બીલીમોરા-ગણદેવી પંથકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૩૦ :** લાંબા સમયની આતુરતાનો અંત આણતા મંગળવારે સવારે બીલીમોરા અને ગણદેવી વિસ્તારમાં મેઘરાજાનું શાનદાર આગમન થયું હતું. લાંબા સમયથી અસહ્ય ગરમી અને બફારાથી તોબા પોકારી ઉઠેલા સ્થાનિક લોકોને આ વરસાદી ઝાપટાથી મોટી રાહત મળી છે.?વરસાદના -થમ ટીપાં પડતાં જ ધરતીમાંથી માટીની સુંગધિત ખુશ્બુ -સરી ગઈ હતી,જેણે સમગ્ર વાતાવરણને આહલાદક બનાવી દીધું હતું.મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથી માત્ર માનવો જ નહીં પરંતુ મૂંગા પશુ-પક્ષીઓ પણ ગેલમાં આવી આનંદિત જોવા મળ્યા હતા.વરસાદી માહોલ જામતા જ ઠેર-ઠેર ચાહના રસિયાઓ ગરમાગરમ ચાની ચુસ્કી લેતા અને મોસમનો આનંદ માણતા નજરે પડ્યા હતા. પ્રથમ વરસાદે સમગ્ર પંથકમાં ખુશી અને ઠંડક પ્રસરાવી દીધી છે.

## ખેરગામ બજારમાં પાણીના ચેમ્બરનું સમારકામ જરૂરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ, તા. ૩૦ :** ખેરગામ બજારના સાંકડા અતિવ્યસ્ત રસ્તામાં શ્રીજીના ત્રિભેટા પાસે એક નીચી પાણીની ચેમ્બર નું સમારકામ થયું, લગભગ મહિનો વીતવાનો આ બીજી ચેમ્બરમાં પાંચેક ઈંચ જેટલું પાણીનો ભરાવો થયેલો છે જેમાં વાહનનું પૈડું પડતા આજુબાજુ પાણીનો છંટકાવ થાય છે જેનુ સમારકામ પંચાયત સત્વરે કરી પાણી ભરાવો દૂર કરી સમતળ બનાવે તેવી રાહદારીઓની માંગ છે. પ્રારંભિક વરસાદથી જ્યાં જ્યાં પાણીનો ભરાવો થયો છે તેનો પણ નિકાલ કરવો જરૂરી છે.



ડૉક્ટર્સ ડે નિમિત્તે

## થેન્ક્યુ ડોક્ટર્સ



### મહાન ચિકિત્સક અને પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ડૉ. બિધાન ચંદ્ર રોયની જન્મજયંતિ અને પુણ્યતિથિના ઉપલક્ષ્યમાં ઉજવવામાં આવે છે. ડૉ. રોય ચિકિત્સાના ક્ષેત્રમાં એક દિગ્ગજ હતા અને તેમણે ચિકિત્સા પદ્ધતિમાં સુધારા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું, જેના સન્માનમાં ૧૯૯૧માં ભારત સરકારે આ દિવસને રાષ્ટ્રીય ચિકિત્સક દિવસ જાહેર કર્યો

ડૉક્ટર, જેમને પૃથ્વી પર ઈશ્વરનું બીજું સ્વરૂપ માનવામાં આવે છે, તેઓ આપણા જીવનમાં એક અનિવાર્ય ભૂમિકા ભજવે છે. ડૉક્ટર્સ ડે એ માત્ર ડૉક્ટરોના કઠિન પરિશ્રમનું સન્માન કરવાનો દિવસ નથી, પરંતુ આ તે નિઃસ્વાર્થ સેવા અને સમર્પણને નમન કરવાનો અવસર છે, જે તેઓ માનવતાની રક્ષા માટે કરે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે સ્વાસ્થ્ય જ સૌથી મોટું ધન છે અને તેને જાળવી રાખવામાં ડૉક્ટરોનું યોગદાન અમૂલ્ય છે. ભારતમાં રાષ્ટ્રીય ચિકિત્સક દિવસ દર વર્ષે ૧ જુલાઈએ ઉજવવામાં આવે છે. આ દિવસ મહાન ચિકિત્સક અને પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ડૉ. બિધાન ચંદ્ર રોયની જન્મજયંતિ અને પુણ્યતિથિના ઉપલક્ષ્યમાં ઉજવવામાં આવે છે. ડૉ. રોય ચિકિત્સાના ક્ષેત્રમાં એક દિગ્ગજ હતા અને તેમણે ચિકિત્સા પદ્ધતિમાં સુધારા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું, જેના સન્માનમાં ૧૯૯૧માં ભારત સરકારે આ દિવસને રાષ્ટ્રીય ચિકિત્સક દિવસ જાહેર કર્યો.

એક ડૉક્ટરનું જીવન પડકારોથી ભરેલું હોય છે અને તેમનો દિવસ અવારનવાર સામાન્ય વ્યક્તિની ઊંઘ સાથે શરૂ થવાને બદલે કોઈ દર્દીની ઈમરજન્સી સ્થિતિને સંભાળવા સાથે શરૂ થાય છે. તેમનું કામ માત્ર મર્યાદિત કલાકો સુધી જ નથી હોતું, પરંતુ તેઓ કોઈપણ સમયે અને કોઈપણ સ્થિતિમાં દર્દીઓના જીવ બચાવવા માટે હંમેશા તત્પર રહે છે. લાંબા સમય સુધી ઓપરેશન થિયેટરમાં ઊભા રહેવું, જટિલ બીમારીઓનો સામનો કરવો અને દર્દીઓ તથા તેમના પરિજનોના ભાવનાત્મક તણાવને સંભાળવો એ તેમના દૈનિક જીવનનો એક અભિન્ન હિસ્સો છે. કોવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારીઓ દરમિયાન આપણે જોયું કે કેવી રીતે ડૉક્ટરોએ પોતાના જીવને દાવ પર લગાવીને માનવતાની રક્ષા માટે લડત આપી.

**પ્રાસંગિક**
**- અંજલી પ્રજાપતી**
**પારડી**

ચિકિત્સાનું વિજ્ઞાન માત્ર દવાઓ અને સર્જરી સુધી જ સીમિત નથી, પરંતુ આ વિશ્વાસનો એક ઊંડો સંબંધ પણ છે. એક ડૉક્ટરનું સકારાત્મક વ્યવહાર અને તેમના આશ્વાસન ભરેલા શબ્દો દર્દીના અડધા ઘા તો એમનેમ ભરી દે છે. દર્દી ડૉક્ટર પર આંખ મીંચીને ભરોસો કરે છે અને એક સારો ડૉક્ટર તે ભરોસાને પોતાની પ્રાથમિકતા બનાવે છે. આ સંબંધ સહાનુભૂતિ, નૈતિકતા અને વ્યવસાયિક જવાબદારીના પાયા પર ટકેલો હોય છે. આજના ડિજિટલ યુગમાં ટેલીમેડિસિન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા સાધનો ડૉક્ટરોને મદદ તો કરી રહ્યા છે, પરંતુ માનવીય સ્પર્શનો કોઈ વિકલ્પ નથી. આ છતાં, સ્વાસ્થ્ય સેવાઓની પહોંચને સમાજના છેલ્લા છેડા સુધી પહોંચાડવી આજે પણ એક મોટો પડકાર છે, જેને આપણા ડૉક્ટરો પોતાની પૂરી નિષ્ઠાથી પૂર્ણ કરવાનો સતત પ્રયાસ કરી રહ્યા છે.

ડૉક્ટર્સ ડેનો સાચો અર્થ ત્યારે સિદ્ધ થાય છે જ્યારે આપણે માત્ર તેમની પ્રશંસા જ નથી કરતા, પરંતુ તેમની મહેનતનું સન્માન પણ કરીએ છીએ. સમાજ તરીકે આપણી આ નૈતિક જવાબદારી છે કે આપણે ડૉક્ટરો પ્રત્યે આદરનો ભાવ રાખીએ અને સ્વાસ્થ્ય પ્રણાલીને વધુ સુરક્ષિત તેમજ બહેતર બનાવવામાં સહયોગ આપીએ. આવો, આ ડૉક્ટર્સ ડે પર આપણે તે તમામ ડૉક્ટરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ જેમણે આપણા જીવનને બહેતર બનાવ્યું છે અને જેઓ દરરોજ થાક્યા વિના માનવતાની સેવામાં સમર્પિત છે, કારણ કે ચિકિત્સા માત્ર એક વ્યવસાય નથી, પરંતુ જીવન જીવવાની એક મહાન રીત છે.

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૨૮/૨૦૨૬

**અરજદાર : પટેલ મગનભાઈ વલ્લભભાઈ,**
**રહે.** મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભોમાપારડી, તા.જી. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી પટેલ મગનભાઈ વલ્લભભાઈ,રહે. મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ**નાએ** તેમના દાદી દેવીબેન રતનજીભાઈ પટેલનું મરણ તા. ૧૦/૦૮/૧૯૬૭ના રોજ મોજે ભોમાપારડી, તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૨૮/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૨૫/૨૦૨૬

**અરજદાર : પટેલ મગનભાઈ વલ્લભભાઈ,**
**રહે.** મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભોમાપારડી, તા.જી. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી પટેલ મગનભાઈ વલ્લભભાઈ,રહે. મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ**નાએ** તેમના પરદાદા કલ્યાભાઈ રવજીભાઈ પટેલનું મરણ તા. ૦૮/૦૫/૧૯૫૫ના રોજ મોજે ભોમાપારડી, તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૨૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૪૯/૨૦૨૬

**અરજદાર : ગમનભાઈ વેલજીભાઈ પટેલ,**
**રહે.** વાંકી ફળિયા, વાંકલ, તા.જી. વલસાડ તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વાંકલ, તા. જિ. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી ગમનભાઈ વેલજીભાઈ પટેલ, રહે. વાંકી ફળિયા, વાંકલ, તા.જી. વલસાડ તા.જી. વલસાડએ તેમના બહેન સવિતાબેન વેલજીભાઈ પટેલનું મરણ તા. ૧૫/૦૨/૧૯૯૯ના રોજ મોજે વાંકલ, તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૪૯/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૨૨/૨૦૨૬

**અરજદાર : પટેલ મગનભાઈ વલ્લભભાઈ,**
**રહે.** મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભોમાપારડી, તા.જી. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી પટેલ મગનભાઈ વલ્લભભાઈ,રહે. મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ**નાએ** તેમના પરદાદી ડાહયીબેન કલ્યાણભાઈ પટેલનું મરણ તા. ૦૧/૧૦/૧૯૪૯ના રોજ મોજે ભોમાપારડી, તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૨૨/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૭૨૫/૨૦૨૬

**અરજદાર : સુમંતરાય ડાહયાભાઈ બરુડીયા,**
**રહે.** ૬૮/૧, શાંતિવન વિભાગ-૨, ગ્રીડરોડ, કાલીયાવાડી, તા.જી. વલસાડ તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ઊંટડી, તા. જિ. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી સુમંતરાય ડાહયાભાઈ બરુડીયા, રહે. ૬૮/૧, શાંતિવન વિભાગ-૨, ગ્રીડરોડ, કાલીયાવાડી, તા.જી. વલસાડ, તા.જી. વલસાડએ તેમના પોતાનો સુમંતરાય ડાહ્યાભાઈ બરૂડીયાનો જન્મ તા. ૨૬/૦૫/૧૯૫૬ ના રોજ મોજે ઊંટડી, તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૭૨૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૧૨૭/૨૦૨૬

**અરજદાર : અનિલભાઈ સોમાભાઈ પટેલ,**
**રહે.** સેગવી, મમરી ફળિયા, તા.જી. વલસાડ તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સેગવી, તા. જિ. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી અનિલભાઈ સોમાભાઈ પટેલ, રહે. સેગવી, મમરી ફળિયા, તા.જી. વલસાડ તા.જી. વલસાડએ તેમના કાકા ધીરુભાઈ પરાગભાઈ પટેલનું મરણ તા. ૧૫/૦૩/૨૦૧૭ના રોજ મોજે સેગવી તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૨૭/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૨૭/૨૦૨૬

**અરજદાર : પટેલ મગનભાઈ વલ્લભભાઈ,**
**રહે.** મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભોમાપારડી, તા.જી. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી પટેલ મગનભાઈ વલ્લભભાઈ,રહે. મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ**નાએ** તેમના દાદા રતનજીભાઈ કલ્યાણભાઈ પટેલનું મરણ તા. ૧૩/૦૪/૧૯૭૧ના રોજ મોજે ભોમાપારડી, તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૨૭/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૧૨૫/૨૦૨૬

**અરજદાર : અનિલભાઈ સોમાભાઈ પટેલ,**
**રહે.** સેગવી, મમરી ફળિયા, તા.જી. વલસાડ તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સેગવી, તા. જિ. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી અનિલભાઈ સોમાભાઈ પટેલ, રહે. સેગવી, મમરી ફળિયા, તા.જી. વલસાડ તા.જી. વલસાડએ તેમના પિતરાયભાઈ રાજુભાઈ ધિરુભાઈ પટેલનું મરણ તા. ૩૦/૦૬/૧૯૯૧ના રોજ મોજે સેગવી તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૨૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૧૯૦/૨૦૨૬

**અરજદાર : અનિલભાઈ સોમાભાઈ પટેલ,**
**રહે.** સેગવી, મમરી ફળિયા, તા.જી. વલસાડ તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સેગવી, તા. જિ. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી અનિલભાઈ સોમાભાઈ પટેલ, રહે. સેગવી, મમરી ફળિયા, તા.જી. વલસાડ તા.જી. વલસાડએ તેમના કાકી રતનબેન ધીરુભાઈ પટેલનું મરણ તા. ૦૪/૦૭/૨૦૧૭ના રોજ મોજે સેગવી તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૯૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૨૬/૨૦૨૬

**અરજદાર : પટેલ મગનભાઈ વલ્લભભાઈ,**
**રહે.** મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભોમાપારડી, તા.જી. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી પટેલ મગનભાઈ વલ્લભભાઈ,રહે. મંદિર ફળિયા, ભોમાપારડી, રોણવેલ, તા.જી. વલસાડ**નાએ** તેમના દાદાકાકા રામાભાઈ કલ્યાણભાઈ પટેલનું મરણ તા. ૦૨/૧૦/૧૯૭૦ના રોજ મોજે ભોમાપારડી, તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૨૬/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---


દમણગંગા ટાઇમ્સ

**સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો**

**દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.**
**ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫**

## વલસાડ જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા)ની બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૩૦ :** લોકસભા દંડક અને વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા) ની બેઠક યોજાઈ હતી. બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી સાંસદે તમામ વિભાગોના જિલ્લાના વિકાસલક્ષી યોજનાના કાર્યોની સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા. જે અંતર્ગત ઈ-શ્રમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન, મહિલા અને બાળ વિકાસ કચેરી અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો, સખી વન સ્ટોપ સેન્ટર, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, જિલ્લા સમાજ સુરક્ષા કચેરીની યોજનાઓ, વાપી મહાનગરપાલિકા, ખેતીવાડી, પશુપાલન, બાગાયત, શિક્ષણ, આઈસીડીએસ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સમાજ કલ્યાણ કચેરી, પાણી પુરવઠા, જિલ્લા પુરવઠા, ડીઆઈએલઆર, આયોજન કચેરી, પ્રાંત અધિકારીઓ સહિત તમામ સંબંધિત કચેરીઓની કામગીરીની ઝીણવટપુર્વક સમીક્ષા કરી જરૂરી સલાહ સૂચનો કર્યા હતા. અનુસૂચિત જાતિ કલ્યાણ અંતર્ગત ડિજિટલ ગુજરાત સ્કોલરશિપ હેઠળ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ સમયસર મળી રહે તેવું આયોજન કરવા, ડીજીવીસીએલની કામગીરીઓની સમીક્ષા કરી ચોમાસા દરમિયાન જનતાને પરેશાની ન થાય તેથી હેલ્પલાઈન વ્યવસ્થિત ચાલે, વીજળી જવાના કિસ્સાઓમાં ફોલ્ટ શોધી તુરંત વીજપ્રવાહ સ્થાપિત થાય, અંડરગ્રાઉન્ડ કેબલિંગ તેમજ વીજ જોડાણો સહેલાઈથી મળી રહે તે -કારે કાર્ય કરવા, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરને વધુમાં વધુ લોકોને પ્રાકૃતિક કૃષિ અંગે જાણ થાય તેમજ તે અંગેની સુવ્યવસ્થિત તાલીમ આપવા આયોજનો કરવા, જિલ્લાના દરેક તાલુકાઓમાં પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે હમણાંથી જ સુચારૂ આયોજન કરવા, આરોગ્ય વિભાગને જરૂરિયાતમંદોને આયુષ્યમાન કાર્ડ મળી રહે તે માટે કેમ્પનું અયોજન કરવા, માર્ગ અને મકાન વિભાગને નવા બનેલા ઓવરબ્રિજો પર લાઈટ લગાવવા તેમજ અન્ય સંબંધિત વિભાગોને સુચારુ કામગીરી કરી જાહેર જનતાને તમામ સુવિધાઓ મળી રહે તે રીતે કાર્ય કરવા સૂચના આપી હતી. જિલ્લાની તમામ નગરપાલિકાઓને ચોમાસા દરમિયાન પાણી ભરાવ, ગટર અને સ્વચ્છતાને લગતી કોઈ પણ સમસ્યાઓ ઊભી ન થાય તેની તકેદારી રાખવા જણાવ્યું હતું. શહેરના બ્યુટિફિકેશન માટે આયોજન કરવા તેમજ જાહેર જગ્યાઓને ઈમ્પ્રુવ કરવાના કાર્યો પર વિશેષ ધ્યાન આપવા જણાવ્યું હતું. જિલ્લામાં ટુરિઝમ ઓપોર્ચ્યુનિટી વધારવા સુવ્યવસ્થિત આયોજન કરવા પણ સૂચન કર્યું હતું. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વાપી મહાનગર પાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ધારાસભ્ય રમણલાલ પાટકર, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, જિલ્લા કલેક્ટર નિતીન સાંગવાન જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોટ, ડીઆરડીએના નિયામક એ. કે. કલસરીયા, તાલુકા પંચાયત પ્રમુખ, વાપી મહાનગરપાલિકાના કમિશનર અને જિલ્લા કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડની દોલત-ઉષા ઈન્ટિટયુટમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** દોલત-ઉષા ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઇડ સાયન્સિસ એન્ડ ધીરૂ-સરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડ ખાતે બે દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (FDP) નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું . કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ગોકુલેશ્વર દાસ ( વાઈસ પ્રેસિડેન્ટ, ધ ઈસ્કોન, જુહુ , મુંબઈ ) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શ્રીમદ ભગવદ ગીતા અને લાઈફ સ્કિલ મેનેજમેન્ટ વિષય પર પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે ભગવદ ગીતાના ઉપદેશો દ્વારા જીવનમાં મૂલ્યો, નેતૃત્વ, સમયનું સંચાલન, તણાવમુક્તિ, નિર્ણય લેવાની ક્ષમતા અને વ્યક્તિત્વ વિકાસ જેવા મહત્વપૂર્ણ પાસાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ફેકલ્ટી સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

કાર્યક્રમના અંતે કોલેજના પ્રિન્સિપાલ ડો. સ્નેહલ કે. જોશી દ્વારા મુખ્ય વક્તા ગોકુલેશ્વર દાસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો અધ્યાપકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે અને શિક્ષણ ક્ષેત્રે નવી દિશા પ્રદાન કરે છે. સમગ્ર કાર્યક્રમને સુચારુ રૂપે સંચાલન પ્રો. યતીનભાઈ, પ્રો.ભાવિનભાઈ , પ્રો. મિતુલભાઈ અને પ્રો . પ્રેમલબેન દ્વારા કરવામાં આવ્યું હતુ, અંતમાં કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ ફેકલ્ટી સભ્યોનો આભાર માનવામાં આવ્યો હતો.

## દ.ગુ. અને દાનહના ૧૫ પ્રતિનિધિઓ ભોપાલમાં સાહિત્ય મહોત્સવમાં ઝળક્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** મધ્યપ્રદેશના ભોપાલ સ્થિત મૌલાના આઝાદ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (MANIT) ખાતે આયોજિત પ્રથમ એક દિવસીય અખિલ ભારતીય આદિવાસી સાહિત્ય મહોત્સવમાં દેશના વિવિધ રાજ્યોમાંથી ઉપસ્થિત થયેલા આદિવાસી સાહિત્યકારો, સંશોધકો અને સાંસ્કૃતિક કાર્યકરો વચ્ચે દક્ષિણ ગુજરાત અને દાદરા-નગર હવેલીના પ્રતિનિધિઓએ નોંધપાત્ર હાજરી નોંધાવી હતી. આ મહોત્સવમાં દક્ષિણ ગુજરાત અને દાદરા-નગર હવેલીમાંથી કુલ પંદર પ્રતિનિધિઓએ ભાગ લઈને ગુજરાતના આદિવાસી સાહિત્ય, ભાષા અને સાંસ્કૃતિક વૈવિધ્યને રાષ્ટ્રીય મંચ પર ગૌરવભેર રજૂ કર્યું હતું., જેને આયોજક એવા પર્યાવરણવિદ્ શરદ કુમરે અને સમિતિના સદસ્યોએ વધાવ્યું હતું.

પ્રતિનિધિમંડળમાં સમસ્ત આદિવાસી સમાજ, ગુજરાત રાજ્યના પ્રમુખ ડૉ. પ્રદીપભાઈ ગરાસિયા, અખિલ ભારતીય ધોડીઆ સમાજના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, આહવા-ડાંગના જાણીતા તબીબ, લેખક અને સંશોધક ડૉ. એ. જી. પટેલ, નાનાપોંઢા તાલુકાના ધોધડકુવા ગામના જાણીતા વાર્તાકાર અને સંશોધક અરવિંદ પટેલ તેમજ અંબિકા તાલુકાના કોસ ગામના ધોડીઆ ભાષાના પ્રથમ રાષ્ટ્રીય કક્ષાના કવિ-લેખક કુલીન પટેલ સહિતના સાહિત્યપ્રેમી અને કર્મશીલો એવા ઠાકોરભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, ડૉ. વિમુખ પટેલ, શોધાર્થી પિયુષ પટેલ, યોગેશ પટેલ, અશોકભાઈ પટેલ, શંકરભાઈ પટેલ, નવિનભાઈ પટેલ તેમજ યુવા કર્મશિલો ભાવિક પટેલ અને વત્સલ ગરાસિયા વગેરે અગ્રણીઓનો સમાવેશ થતો હતો. આ મહોત્સવમાં ગુજરાતના પ્રતિનિધિમંડળે પોતાની સક્રિય અને ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ દ્વારા ગરવી ગુજરાતની આદિવાસી સાહિત્યિક અને સાંસ્કૃતિક ઓળખને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરી, જેના પરિણામે ઉપસ્થિત સાહિત્યકારો અને વિદ્વાનોમાં ગુજરાતના આદિવાસી સાહિત્ય પ્રત્યે વિશેષ રસ અને પ્રશંસા જોવા મળી હતી.

## અતુલમાં ક્રિકેટ કોચિંગ સમર કેમ્પ સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** ઉલ્હાસ જીમખાના અતુલ માં ક્રિકેટ કોચિંગ સમર કેમ્પની પૂર્ણાહૂતિ અને સર્ટીફિકેટ વિતરણ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ તેમજ વાલીઓની એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦ એપ્રિલ થી ૧૦ જૂન સુધી ચાલેલ આ કેમ્પમાં ધરમપુર, પારડી, ઉદવાડા, વાપી, અતુલ તેમજ તેની આજુબાજુનાં ગામોમાંથી કુલ ૨૨૫ છોકરાઓ અને ૫૩ છોકરીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં સીનીયર અને અનુભવી કોચ શ્રી મીનેશ પટેલ, રોહન દેસાઈ, જયેશ સોલંકી, વિકાસ મહલા, કૃણાલ કાંબલે, કૃણાલ રાઠોડ, કેફ પઠાણ, ધીમંત પંડ્યા, આદિત્ય ગોપાલ, જતિન માસ્તર, યશ પટેલ, વુમન કોચમાં હની પટેલ, શ્રધ્ધા કદાવલા, તથા વિઝીટર કોચ દ્વારા ક્રિકેટ ને લગતી તમામ ટ્રેનિંગો તથા માહિતી જેવી કે બેઝિક ક્રિકેટ, ફિટનેસ, યોગાસેશન, હીલ ટ્રેકિંગ, ન્યુટ્રીશન સેશન, અવેરનેસ માટે યો - યો ટેસ્ટની પ્રેક્ટીસ કરવામાં આવી હતી. સાથે U-12, U-15, U-16, U-19 નાં બાળકો વચ્ચે વધુ મેચો રમાડવામાં આવી હતી. ત્યારબાદ જુદી જુદી ક્રિકેટ એકેડમી જેવી કે SMS ક્રિકેટ એકેડમી, સુરત ક્રિકેટ એકેડમી,ચંચળ બા ક્રિકેટ એકેડમી(ધોળીકુવા),લક્ષ ક્રિકેટ એકેડમી (લીલાપોર),ગોરેગાંવ એકેડમી(મુંબઈ), માંગેલા ક્રિકેટ એકેડમી(અંધેરી), બી.ડી.સી.એ(વલસાડ), સાંઈનાથ એકેડમી(વિરાર), સાથે નિર્ધારિત, ૨૦ ઓવર,તથા ૪૦ ઓવર ની મેચો રમાડવામાં આવી હતી, આ સાથે કોચિંગ કેમ્પમાં ભાગ લેનાર આ મનોરંજન કાર્યક્રમનાં મુખ્ય પ્રણેતા નયનભાઈ, આંનદ પટેલ, મેહુલકુમાર ટંડેલ, જયેશ પટેલ, ગિરીશ પટેલ, હાર્દિક મિસ્ત્રી, ડિમ્પલ બારીયા, સતીશ બારીયા,આ તમામ મ્યુઝિકલ પાર્ટીનાં સદસ્યોનો વિના મૂલ્યે મનોરંજન પૂરું પાડવા બદલ જે ડી.પટેલે આભાર માન્યો હતો.

અંતમાં કોચીંગ કેમ્પમાં ભાગ લેનાર બાળકોને સર્ટીફિકેટ વિતરણ કાર્યક્રમમાં અતુલ લિમિટેડ કંપનીમાંથી પધારેલ, એક્ઝીક્યુટીવ વાઈસ પ્રેસિડન્ટ કિરણ પાન્ડા સાહેબ, જનરલ મેનેજર, અમિત રાવત, U-19 વર્લ્ડ કપ વિજેતા ટીમના સદસ્ય હેનીલ પટેલ તથા તેમના પિતા દિલીપભાઈ પટેલ, કમલ દેસાઈનાં શુભ હસ્તે ભાગ લેનાર બાળકોને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

### પ્લાસ્ટિક - કચરામાંથી ટાઈલ્સ બનાવવા

## વાપી સ્વચ્છ મિશન દ્વારા પ્લાસ્ટીક કચરાથી ભરેલા સાત કન્ટેનરો રવાના



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** સ્વચ્છ વાપી મિશન (SVM) દ્વારા વિવિધ પ્રકારના એકત્રિત અને અલગ પાડવામાં આવેલા પ્લાસ્ટિક કચરાથી ભરેલા સાત કન્ટેનરો (ઠેલા/બોક્સ) સફળતાપૂર્વક રવાના કરવામાં આવ્યા. આ પ્લાસ્ટિક કચરાનો ઉપયોગ મજબૂત અને ટકાઉ ટાઈલ્સના નિર્માણ માટે કરવામાં આવશે.

આ સિદ્ધિ સ્વચ્છ વાપી મિશનના તમામ સભ્યો તેમજ જાગૃત નાગરિકોના સહયોગનું પરિણામ છે. તેમણે પ્લાસ્ટિક કચરો અહીં-ત્યાં ફેંકવાના બદલે તેનો યોગ્ય રીતે સંગ્રહ કરીને પર્યાવરણ સંરક્ષણના આ અભિયાનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આ પ્રસંગે ખિસર નૂરાની દ્વારા એકત્રિત કરવામાં આવેલા પ્લાસ્ટિક કચરાનું વિશેષ યોગદાન રહ્યું. તેમના -શંસનીય પ્રયાસો બદલ સ્વચ્છ વાપી મિશન તેમની હાર્દિક પ્રશંસા અને આભાર વ્યક્ત કરે છે.

સ્વચ્છ વાપી મિશન તમામ નાગરિકોને અપીલ કરે છે કે તેઓ પ્લાસ્ટિક કચરાનું યોગ્ય રીતે અલગકરણ અને સંગ્રહ કરે, જેથી તેનું પુનઃચક્રિકરણ કરીને ઉપયોગી ઉત્પાદનોમાં રૂપાંતર કરી શકાય અને સ્વચ્છ તેમજ હરિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકાય.

### ૨૧મી મિની સબ જુનિયર ટેનિસ બોલ ક્રિકેટ ચેમ્પિયનશિપમાં

## વલસાડ જિલ્લાની મહિલા ટીમ વિજેતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** અમદાવાદના નરોડા મેમ્કો ક્રોસ રોડ સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માં ૨૧મી મિની સબ જુનિયર ટેનિસ બોલ ક્રિકેટ ચેમ્પિયનશિપ અને ઓપન મહિલા ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.ફાઈનલ મેચ વલસાડ જિલ્લા અને અમદાવાદ જિલ્લા વચ્ચે રમાઈ જેમાં વલસાડ જિલ્લાની મહિલા ટીમે ચેમ્પિયનશિપ બની જ્યારે અમદાવાદ ક્રિસ્ટલની ટીમ રનર્સ-અપ રહી હતી.સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાંથી ૧૦ જિલ્લાના ભાઈઓ (અંડર-૧૪) અને મહિલાઓની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

અમદાવાદના નરોડા મેમ્કો ક્રોસ રોડ સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માં ૨૮ થી ૨૯ જૂન ૨૦૨૬ બેદિવસીય ૨૧મી મિની સબ જુનિયર ટેનિસ બોલ ક્રિકેટ ચેમ્પિયનશિપ અને ઓપન મહિલા ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રાજ્ય કક્ષાની ટૂર્નામેન્ટનું આયોજન અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિએશન દ્વારા ગુજરાત સ્ટેટ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાંથી ૧૦ જિલ્લાના ભાઈઓ (અંડર-૧૪) અને મહિલાઓની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટની ફાઈનલ મેચ વલસાડ જિલ્લા અને અમદાવાદ જિલ્લા વચ્ચે રમાઈ હતી, જેમાં શાનદાર પ્રદર્શન કરીને વલસાડ જિલ્લાની મહિલા ટીમે ચેમ્પિયનશિપ બની જ્યારે અમદાવાદ ક્રિસ્ટલની ટીમ રનર્સ-અપ રહી હતી. ત્રીજા સ્થાન માટે અમદાવાદ જિલ્લા ગ્રામ્ય અને આર. પી. વસાણીની ટીમ વચ્ચે મુકાબલો થયો હતો, જેમાં આર. પી. વસાણીની ટીમે વિજય મેળવી તૃતીય સ્થાનની ટ્રોફી અને મેડલ્સ મેળવ્યા હતા..?ટૂર્નામેન્ટના અંતે વિજેતા ખેલાડીઓ અને ટીમોને પ્રોત્સાહિત કરવા માટે એક ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં ગુજરાત સ્ટેટ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ નિકુલ સિંહ તોમર, વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિએશન (VTBCA) ના પ્રમુખ વિનોદભાઈ પટેલ, સેક્રેટરી નિલેશ કોસિયા, નિલેશ ઘાંઘેકર, રવિ વર્મા (સેક્રેટરી), સુચિત સિંહ, શીતલ મેડમ, રીતનેશ મેડમ અને પાર્થેશ વાઘેલા સહિતના મહાનુભાવોના હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.સમગ્ર રાજ્ય કક્ષાની ટેનિસ બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

### વલસાડ સિંધિ સમાજ તેમજ ૨૧ ફર્સ્ટ સેન્ચ્યુરી હોસ્પિટલ દ્વારા

## વલસાડમાં નિ:શુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** વલસાડ સિંધિ સમાજ તેમજ ૨૧ ફર્સ્ટ સેન્ચ્યુરી હોસ્પિટલ દ્વારા નિશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ વલસાડના કૈલાસ રોડ પર આવેલ શ્રી ઝૂલેલાલ મંદિરમાં રાખવામાં આવ્યો હતો.

આ મેડિકલ કેમ્પમાં વલસાડ સિંધિ સમાજના પ્રમુખ કિશોર મુલચંદાની તેમજ સિંધી સમાજના અન્ય કારોબારી સભ્ય સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પારડી સાંઢપોર ગામના સરપંચ ધર્મેશ ઉર્ફે ભોલાભાઈ પટેલે હાજરી આપી હતી. તેમજ ૨૧ સેન્ચુરી હોસ્પિટલના ડોકટર્સ અને સ્ટાફે મેમ્બર પણ હાજર રહ્યા હતાઆ મેડિકલ કેમ્પમાં કૈલાશરોડ , શેઠિયા નગર મોગરાવાડી વિસ્તારમાં રહેતા નાગરિકજનોને નિ:શુલ્ક ચેકઅપ કેમ તેમજ મફત દવા આપવામાં આવી હતી. કેમ્પના દિવસે, ૬૦ કરતાં વધુ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો

કેમ્પમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ડૉ. અક્ષય નાડકર્ણી ની તેમજ ડોક્ટર અદિતી નાટકરની હાજરી આપી હતી.

આ કેમ્પમાં ડો. ધ્વનિ પરમાર, ડો. વૃષાંક શાહ ડો. હર્ષદ નકુમ, ડો. ઓઝશ શાહ તેમજ તેમની ટીમે દરેક દર્દીઓને સારવાર આપી હતીકાર્યક્રમનું સંચાલન સિંધિ સમાજના પ્રમુખ કિશોર મુલચંદાનની તેમજ ઉપપ્રમુખ ધનપત ખેમાણી દ્વારા કરવામાં આવ્યું તેમજ કાર્યક્રમની રચના સિંધિ સમાજના અગ્રણી અશોક ગોડવાની. મનીષ મંગલાની ભૂપેન્દ્ર ખતરી કિશોર તોલાની તેમજ પરેશ સાદરગાની દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડુંગરી રામજી મંદિર હોલમાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** ઊંટડી વિભાગ કેળવણી મંડળ તથા દેસાઈ ફાઉડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦ થી વધુ દર્દી ઓ એ કેમ્પનો લાભ લીધો હતો. ડુંગરી ગામના રામજી મંદિર હોલ માં સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં હાડકાના રોગના નિષ્ણાત ડોક્ટર, આંખના ડોક્ટર, સ્ત્રી રોગ નિષ્ણાત ડોક્ટર, બાળકો ના રોગ નિષ્ણાત તબીબો, જનરલ ફિઝિશિયન ડોક્ટર, ફિઝિયોથેરાપિસ્ટ વગેરે ડોક્ટરો હાજર રહ્યા હતા અને ચશ્માનું ફ્રી વિતરણ કરવામાં આવ્યું હતું.

આ આયોજન ઊંટડી વિભાગ કેળવણી મંડળ તથા દેસાઈ ફાઉડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦ થી વધુ દર્દી ઓ એ સારવાર લીધી હતી. અનેક આગેવાનો તથા મહાનુભાવો, સરપંચ હાજર રહ્યાં હતા. લોકો એ આવા કેમ્પ યોજવા આયોજકો ને વિનંતી કરી હતી.

## વલસાડમાં અભયમ ટીમે પતિના ત્રાસથી પીડિત મહિલાનું પરિવાર સાથે સમાધાન કરાવ્યું




(દમણગંગા ટાઈમ્સ )

**વલસાડ, તા. ૩૦ :** વલસાડ જિલ્લાના એક ગામમાંથી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં એક પીડિત મહિલાએ ફોન કરીને જણાવ્યું હતું કે, તેમના પતિ દ્વારા તેમને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવામાં આવે છે અને બે નાના દીકરા સાથે મારઝૂડ તથા અપશબ્દોનો સામનો કરવો પડે છે. મદદની જરૂર જણાતા અભયમ રેસ્ક્યુ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, પતિને વ્યસનની આદત હોવાથી તેઓ વારંવાર પત્ની અને બાળકોને મારઝૂડ કરતા હતા તેમજ ઘર ખર્ચની જવાબદારી પણ નિભાવતા ન હતા. પીડિતાએ પતિને વિદેશમાં નોકરી માટે મોકલવા લોન લીધી હતી, જેની હપ્તાની રકમ હાલ તેઓ મજૂરી કરીને ભરી રહ્યા છે. પતિ દ્વારા અપશબ્દો બોલવા, જમવાનું ફેંકી દેવું અને બાળકોને પણ માનસિક રીતે હેરાન કરવામાં આવતા હતા.

બંને બાળકો પિતાના વર્તનથી ડરના માહોલમાં રહેતા હતા અને રાત્રે માતા સાથે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે ભયના કારણે યોગ્ય રીતે ઊંઘી પણ શકતા ન હતા. બાળકોના અભ્યાસની ફી પણ માતા દ્વારા અન્ય લોકો પાસેથી મદદ મેળવી ભરવામાં આવતી હતી. અભયમ ટીમ દ્વારા પતિ અને પત્નીનું અસરકારક કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. પતિને સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું કે, પત્ની અને બાળકો સાથે મારઝૂડ કરવી, અપશબ્દો બોલવા, ધમકી આપવી અથવા માનસિક ત્રાસ આપવો ઘરેલુ હિંસા હેઠળ આવતું કૃત્ય છે અને તે કાયદેસર ગુનો બની શકે છે. મહિલાઓને કાયદા હેઠળ સુરક્ષા મેળવવાનો અધિકાર છે તેમજ જરૂર પડે ત્યારે પોલીસ અને કાનૂની મદદ પણ મેળવી શકાય છે તેવી માહિતી આપવામાં આવી હતી. સાથે જ પતિને વ્યસનમુક્ત જીવન અપનાવવા, પરિવારની આર્થિક અને સામાજિક જવાબદારીઓ નિભાવવાની તથા પત્ની અને બાળકો પ્રત્યે સન્માનપૂર્ણ વર્તન રાખવાની સમજ આપવામાં આવી હતી. કાઉન્સેલિંગ દરમિયાન પતિએ ભવિષ્યમાં પત્ની અને બાળકોને કોઈપણ પ્રકારનો શારીરિક કે માનસિક ત્રાસ નહીં આપે, વ્યસન છોડવાનો પ્રયાસ કરશે, ઘરખર્ચમાં સહકાર આપશે તેમજ બાકી રહેલી લોનની જવાબદારી નિભાવશે તેવી ખાતરી આપી હતી. અંતે અભયમ ટીમના માર્ગદર્શન અને સમજાવટના પરિણામે પરિવાર વચ્ચે સુખદ સમાધાન થયું હતું અને પીડિત મહિલા તથા તેમના બાળકોને સુરક્ષા, સહારો અને ન્યાય અંગેની જરૂરી માહિતી મળી હતી.

## વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલમાં સ્ટુડન્ટ કાઉન્સિલ માટે મતદાન યોજાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** રાતા ખાતે આવેલ સમર્પણ જ્ઞાન સ્કૂલમાં હાઉસ કેપ્ટન, હાઉસ વાઈસ કેપ્ટન, સ્કૂલ હેડ બોય તથા સ્કૂલ હેડ ગર્લ, ડીસીપ્લીન સેક્રેટરી, સ્પોર્ટ્સસેક્રેટરી, કલ્ચરલસેક્રેટરી અને લીટરેચર સેક્રેટરીની નિમણૂક માટે મતદાન પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચૂંટણીમાં ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ ઉમેદવારી નોંધાવી હતી, જ્યારે ધોરણ ૧થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને મતદાનમાં ભાગ લીધો હતો. મતદાન પૂર્વે ઉમેદવારોએ એક અઠવાડિયા સુધી પ્રાર્થના સભા દરમિયાન તેમજ વિવિધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓ વચ્ચે પ્રચાર (કેમ્પેઇન) કર્યો હતો. સાથે વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓના હિતમાં હાથ ધરાનાર કાર્યો, શાળાના વિકાસ માટેના વિચારો,શાળા પરિસરમાં શાંતિ, શિસ્ત અને ભાઈચારાનું વાતાવરણ જળવાઈ રહે તે માટેના પ્રયાસો તેમજ પોતાના હાઉસને શ્રેષ્ઠ બનાવવા માટેની કાર્યયોજનાની રજૂઆત કરી વિદ્યાર્થીઓને પોતાની તરફેણમાં મતદાન કરવાની અપીલ કરી હતી.

મતદાન પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને લોકશાહી વ્યવસ્થા, મતાધિકારનું મહત્વ અને જવાબદાર નેતૃત્વ અંગે વ્યવહારિક સમજ આપવાનો હતો. સમગ્ર મતદાન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ ઉપરાંત સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મૂકેશ પટેલ, ચેરપર્સનલાયન હીના પટેલ, આચાર્યા લાયનપાર્વતી પિથાની તથા શિક્ષકગણ જોડાયા હતા.

## વાપી ડેપોના કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** સ્વાપી ડેપો ના ફરજ બજાવતા કર્મચારી કાદિરમીયા સિંધી ડ્રાઈવર બેઝ ન ૨૧૦૭ તેમજ હંસાબેન પટેલ વય મર્યાદા ના કારણે નિવૃત થઈ રહેલ છે જેમનો વિદાઈ સમારંભ વાપી ડેપો ના ડેપો મેનેજર જયદીપ માંહલા ના પ્રમુખના વડપણ હેઠળ રાખવામાં આવી હતી.

જેમાં કર્મચારી મંડળ વલસાડ વિભાગના મહામંત્રી ધનસુખ પટેલ.ક્રેડિટી સોસાયટીના મંત્રી રજની પટેલ હેડ મીકેનિક રમેશ પટેલ ટ્રાફિક ઈન્સ્પેક્ટર અરુણ પટેલ વાપી ડેપો ના સોસાયટી ડિરેક્ટર નિર્મલ પટેલ ટ્રાફિક. કન્ટ્રોલર ભરત બારી.શૈલેષ બારી.ઈલેશ પટેલ તેમજ અનેક કર્મચારી હાજર રહ્યા હતા અનેક નિવૃત કર્મચારી પણ વિશેષ હાજર રહી નિવૃત કર્મચારી ને પુષ્પ ગુચ્છ આપી હારતોરા કરી તેમનું શેષ જીવન. સુખમય. તંદુસ્તીમય તેમજ ભક્તિમય નીવડે એવી શુભેચ્છા પાઠવી હતી કર્મચારી મંડળ ના મહામંત્રી અને ધનસુખ પટેલ અને રજની પટેલ સોસાયટી ના મંત્રી દ્વારા ચેક નુ વિતરણ કરવામાં આવેલ જ્યારે આભાર વિધિ ભરતભાઈ બારી દ્વારા કરવામાં આવી હતી.

## વલસાડમાં સંવિધાન હત્યા દિવસે પ્રદર્શની નિહાળવાનો કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** સંવિધાન હત્યા દિવસ નિમિત્તે વલસાડ કોલેજ કેમ્પસ પાસે ૨૫ જૂન ૧૯૭૫ના રોજ કોંગ્રેસ સરકાર દ્વારા દેશમાં લાદવામાં આવેલી કટોકટી અને તે સમયગાળા દરમિયાન પ્રજા પર થયેલા અત્યાચારોને દર્શાવતું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શની નિહાળવા પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી, જિલ્લા સંગઠનના હોદ્દેદારો, જિલ્લા મોરચાના હોદ્દેદારો, વલસાડ નગરપાલિકાના નગરસેવકો તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત કાર્યકર્તાઓએ પ્રદર્શન નિહાળી કટોકટી દરમિયાન લોકશાહીની રક્ષા માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# વાપી મહાનગરપાલિકાની ચૂંટાયેલી બોડીએ વાપીના સર્વાંગી વિકાસના કરેલા શ્રીગણેશ

**વાપી મનપાની સ્થાયી સમિતિની બેઠક સાથે વાપીના વિકાસના દ્વાર ખોલાયા : હવે ૩૦-૬-૨૦૨૬ના દિને સામાન્યસભામાં નગરનો બોજો ઉઠાવવા વિવિધ સમિતિઓ પણ રચાઈ ગઈ હશે એટલે આશા રાખીએ આ બધા, નાણમંત્રી કનુભાઈ દેસાઈનું વાપીને રહેવા લાયક સ્થળ બનાવવાના સ્વપ્નને સાકાર કરશે : મહાનગરપાલિકાએ છેલ્લા ચાર વર્ષથી માંડણે પડેલી ભેંસ જેવા ફોરલેન બ્રિજના ઠેકેદારોનો કાન પણ આમળવો પડશે : ગુજરાતનું ગૌરવ જેવા એસિયાટિક સિંહોને આપણે પાટુ મારી તેમના મૂળ ઘર સાસણ ગીરથી તગેડી મૂક્યાં : હવે સિંહોની જગ્યા આંચકી લેવાતાં ૧૧ જીલ્લાઓમાં વિહાર : માનવી ઉપર હુમલો કરવાની સિંહની પ્રકૃતિ નથી છતાં ચારેક હુમલાઓના બનાવોથી સૌ ચિંતિત : માનવભક્ષીના નામે પ્રાણીબાગમાં કેદ કરાશે ?**

## દમણગંગાના તીરેથી



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

ગઈ તા. ૨૨-૦૬-૨૦૨૬ ના દિનથી વાપી મહાનગરપાલિકાની ચૂંટાયેલી બોડીએ વાપીના વિકાસના શ્રીગણેશ કરી દીધાં છે. આ દિવસે વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક સમિતિના અધ્યક્ષ સતિષભાઈ પટેલના પ્રમુખપદે યોજાઈ હતી. સભામાં ૪૫ જેટલાં જનહિતના મુદ્દાઓ અંગે વિગતે ચર્ચા થઈ હતી.

આ સભામાં વાપીના સર્વાંગી વિકાસના આવશ્યક એવા તમામ કામો પરિપૂર્ણ કરવાનો નિર્ણય લેવાયો હતો.

હવે તા. ૩૦-૬-૨૬ના દિને વાપી મહાનગરપાલિકાની સામાન્યસભા મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષપદે મળનાર છે.

આ સામાન્યસભામાં તા. ૨૨-૬-૨૦૨૬ની સ્થાયી સમિતિની બેઠકની કાર્યવાહીને બહાલી આપવા, મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ- ૧૯૪૮ની કલમ - ૩૦ તથા કલમ - ૩૧ અન્વયે ખાસ સમિતિઓની રચના તેમજ મુખ્યમંત્રી શહેરી બસ સેવા યોજના મુજબ બસરૂટોને મંજુરી આપવાની વાત પર મતુ મરાશે.

આ બેઠકમાં મહાનગરપાલિકાની વિવિધ સમીતઓની રચના થનાર છે ત્યારે આ સમિતિ વાપી મહાનગરપાલિકાના ૭૨ ચો.કી.મી. વિસ્તારની આબાદીના ક્ષેત્રફળ અંગે હંમેશા સજાગ રહે એવી આશા રાખીએ.

નવી ચૂંટાયેલી બોડી હવે પુરી રીતે કાર્યરત થઈ છે ત્યારે મનપાના ૫૨ (બાવન) કોર્પોરેટરોએ વાપીને આદર્શનનગર બનાવવાના ધ્યેય સાથે કામો કરવા પડશે. વાપી નગરની આંતર માળખાકીય માર્ગ સુવિધાઓ જેવું કંઈ રહેલું જ નથી. વાપી પૂર્વ-પશ્ચિમને જોડતો નવો ચાર માર્ગીય રેલ્વે ઓવરબ્રીનું કામ છેલ્લા ચાર વર્ષથી ઠેકેદારની મરજી મુજબ મંદગતિએ ચાલી રહ્યું છે. તે કયારે પુરો થશે તેના કોઈ ખાતરી આપી શકે એમ નથી. જે ટાઈપનો ૫૦ કરોડના ખર્ચવાળો રેલ્વે ઓવરબ્રીજ પણ રેલ્વેના કાર્યક્ષેત્રમાં એમનો એમ પડયો છે. રેલ્વેના બંને છેડાનું લીંક રેલ્વેતંતરની ફુરસદે ચારેક મહિના બાદ જોડાય એવી શકયતા છે. ચોમાસુ માથે છે અને પૂર્વપશ્ચિમના વાહન વ્યવહાર માટે જે ટાઈપ પાસેનો જુનો રેલ્વે અન્ડરબ્રીજ અને બલિઠાનો રેલ્વે અન્ડરબ્રીજ એકમાત્ર વિકલ્પ બની રહેશ.. આ બન્ને અન્ડરબ્રીજમાં ચોમાસામાં પાણી ભરાવાની પુરી શકયતા છે એટલે વાપીમાં ટ્રાફિકની સમસ્યા વધુ વકરવાની શકયતા છે. બલિઠાનો નવો સબવે તો પાછો ટ્રાફિકજામ માટે પણ બદનામ છે.

વાપી મહાનગરપાલિકાના પદાધિકારીઓએ પણ આ અંગે ગંભીરપણે વિચારવું જોઈએ. સંબંધિત તંત્રાો પર દબાણ લાવવામાં નહી આવે તો વાપી લોકહિતની યોજનાઓના વિલંબની ઓળખ બની રહે એમ છે. ઓવરબ્રીજની યોજનાઓ અંગે જનપ્રતિનિધિઓ ખાતરી તો આપે છે પણ તે હકીકત બની શકતી નથી અને પ્રજા પોતે ભોગવી રહેલ હાલાકી સામે એક હર્ફ ઉચ્ચારવાની હિંમત કરી શકતી નથી. પરિણામે ઠેકેદારો અને અફસરશાહી ગેલમાં છે.!

થોડા સમય ઉપર વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ અમને મળેલા ત્યારે અમે તમેને કહેલું કે નાણામંત્રી કનુભાઈ દેસાઈનું વાપીને રહેવા યોગ્ય સ્થળ બનાવવાનું એક સ્વપ્ન છે. અને આ સ્વપ્નને સાકાર કરવાની જવાબદારી હવે તમારી ઉપર છે.

## ગુજરાતના ગૌરવ એવા સિંહોને આપણે તેના નિવાસ્થાનમાંથી તગેડી મૂકયાં એ કોની શરમ ?!

હાલમાં ગુજરાતના ગૌરવ એવા સિંહોના ભાીવ બાબત બે વાતે વન્યપ્રાણી પ્રેમીઓમાં ચિંતા જગાવી છે.

એક વાત એવી છે કે તાજેતરમાં જ સાસણગીરમાં વસતા એસિયાટિક સિંહો પૈકી આઠ જેટલા સિંહોનું કોઈ ઘાત બિમારીના કારણે મોત થઈ ગયું.

સિંહોના મોત કેનાઈન ડિસ્ટેમ્પર નામના ઘાતક રોગને કારણે થયાનું જાણકારો માને છે. પરંતુ વન અને પર્યાવરણમંત્રી અર્જુન મોઢવાડિયાએ મોડે મોડે સિંહોના મોત માટે ઘાતક વાયરસ નહીં પણ ગરમીને કારણે મોત થવાનું જણાવી પારદર્શિતા ઉપર પડદો પાડવાનું કામ કર્યાનું ઘણા માને છે.

કોરોના મહામારી સમયે પણ સરકારે મોતના આંકડા છૂપાવ્યા હોવાની વાત ચકડોળે ચઢી જ હતી.

ગુજરાતમાં સિંહોના મોત બાબત રાજયસભાના સાંસદ પરિમલ નથવાણીએ પણ ચિંતા વ્યકત કરી હતી. તેમણે સિંહોમાં ફેલાયેલી બિમારી અંગે પગલા લેવા કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવને પણ વિનંતી કરી હતી.

એવી વાત પણ છે કે સિંહોને શિકાર ન મળતા મરેલા ઢોરો ખાવાના કારણે પણ સિંહોના અસ્તિત્વ માટે જોખમ ઊભુ થયુ છે કયારેક ઝેરથી મરેલા પશુને ખાવાથી પણ સિંહોના મોત થાય છે.

આ થઈ ખતરનાક રોગને કારણે સિંહ પર તોળાતા જોખમની વાત. બીજી વાત એવી છે કે ગુજરાતમાં સિંહોની વસતી વધી રહી છે અને સિંહને રહેવાની અને શિકાર કરવાની જગ્યાઓ સંકોચાતી ગઈ છે ગુજરાતમાં ૮૯૧ જેટલા સિંહો છે. એક સિંહને શિકાર કરવા ૭૫ ચો.કી.મી. જગ્યા હોવી જોઈએ. વિચાર કરો, ૮૯૧ સિંહોની ભૂખ ભાંગવા કેટલાં ચો.કી.મી. જગ્યા જોઈએ ? માંડો હિસાબ કેલકયુલેટર પર!

ગુજરાતના ૮૯૧ સિંહો પૈકી ૫૦૦ ઉપરાંત સિંહો ગીરના જંગલની બહાર સ્થળાંતર કરી ગયેલા છે. સિંહોના વસવાટના સ્થળે હોટલો અને રિસોર્ટસનું ન્યુસન્સ વધી ગયુ છે. સિંહોના અભયારણ્યની આસપાસ વાણિજય પ્રવૃત્તિ પણ વધી થઈ છે જેના કારણે સિંહોને સ્થળાતર કરવાની ફરજ પડી છે. ગુજરાતના ૧૧ જીલ્લાઓમાં હવે સિંહો વિહાર કરવા લાગ્યાખછે અને માનવીઓ ઉપરના હુમલાઓમાં પણ વધારો થયો છે. સિંહોની વસતીમાં દર પાંચ વર્ષે ૩૦ ટકાનો વધારો થતો રહ્યો છે. સિંહોની રહેવાની જગ્યા સંકોચાતા ૫૦૭ જેટલાં સિંહો ગીર બહારના ગામડાઓ, ખેતીના વિસ્તારો અને સમુદ્રકાંઠાના વિસ્તારોમાં વસવા લાગ્યા છે જે સિંહો અને માવી વચ્ચેના સંઘર્ષનું કારણ બનેલું છે.

વન્યપ્રાણીના નિષ્ણાંતો માને છે કે વાઘ અને દિપડાની જેમ સિંહો માનવી ઉપર હુમલો કરતા નથી. પરંતુ હમણા હમણા ગીર પંથકમાં સિંહોના માનવી ઉપરના હુમલાઓમાં વધારો થયો તે વાતની સૌ ચિંતામાં પડી ગયા છે. સિંહ અગાઉ કદી માનવભક્ષી નહતો. માનવીઓએ સિંહોના નિવાસસ્થાનો પર અતિક્રમણો કરવાના કારણે સિંહોની પ્રકૃતિમાં બદલાવ આવ્યો છે. ગીરમાં સિંહોની વચ્ચેથી પસાર થતાં લોકોના વિડીયો જોઈ સૌ આશ્ચય ચકિત થઈ જતાં હતાં. કોઈને એક બીજાનો ભય ન હોતો. તુ તારા રસ્તે અને હુ મારા સ્તે જેવો માહોલ હતો, જવે હવે રહ્યો નથી.

સરકારી અધિકારીઓ પણ સિંહોના નિવાસસ્થાનમાં અતિક્રમણ કરનારાઓને જાણે પ્રોત્સાહન આપતા હોય એવું જણાયું છે.

હાલનો જ એક દાખલો જોઈએ તો રાજસ્થાનના ટાઈગર અભયારણ્યને લાગીને આવેલ ત્રણ એક જેટલી જમીન એક ખાનગી પાર્ટીને વેચી મારવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. વર્ષ ૨૦૨૪ની આ વાત. વનવિભાગે આ જમીન ખરીદનારે જમીનમાં ફાર્મ હાઉસ બનાવવાની મંજુરી માંગી ત્યારે હાલમાં જ આ કૌભાંડ બહાર આવ્યું છે. વન વિભાગે આ ગેરકાયદે જમીન ખરીદી પ્રકરણના ખેલાડીઓ સામે કાનુની પગલાં લેવાની કલેકટરને વિનંતી કરી છે. આ પ્લોટની જગ્યા ઉપર હાલમાં જ ત્રણ વાઘ ફરતાં જોવા મળ્યા હતાં.

સાસણગીર પણ એ જ રસ્તે ચાલી રહેલ હોવાનું જણાય છે.

સિંહોના ચેપી રોગના કારણે મોત થયાની વાત બાજુએ મુકીએ તો અમરેલી વિસ્તારમાં છેલ્લાં ત્રણ દિવસમાં ત્રણ જેટલા સિંહબાળના મોત થયા છે. વન વિભાગ ત્રણ પૈકી બે સિંહબાળોના મોત કુદરતી ખપાપે છે. અને એકને કોઈક વિકૃત માનસિતા ધરાવતી વ્યકિતએ મારી નાંખેલ હોવાનું બહાર આવેલ છે. વનવિભાગે આ સિંહબાળના હત્યારાની ધરપકડ કરી છે આ સિંહબાળ ફકત સાત મહિનાનું હતુ.

ત્રણ સિંહબાળ પૈકીના બેને વન વિભાગ ભલે કુદરતી મોતમાં ખપાવે. પણ સાથે સાથે આ સિંહબાળો ઘાતક રોગના ભોગ બન્યાની શકયતા પણ નકારાતી નથી.

આ ત્રણે કમનસિબ સિંહબાળોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે.

સાસણગીરમાં સિંહોના મોત ખુલ્લા કુવાઓ, ટ્રેઈન હેઠળ કચડાવાના કારણે અને માર્ગ ઉપર દોડતાં વાહનોની અડફેટમાં આવી વાને કારણે પણ થતા હોય છે. તંત્ર દુર્ઘટના પછી જ જાગે છે !

જે હોય એ પણ વનવિભાગે હવે સિંહોના ક્ષેમકુશળ ઉપર પોનું ધ્યાન કેન્દ્રીત કરવું પડશે. તેમ નહી થાય તો ગુજરાત વાઘ, સિંહ, ચિત્તા અને દિપડાના વસવાટ માટે છાતી ફુલાવે છે તેની હવા નિકળી જશે.

# દેશ વધુ ને વધુ ગરીબ થતો ગયો

(ગતાંકથી શરુ)

માત્ર ગૃહઉદ્યોગો કરીને તમે વિશ્વસ્પર્ધામાં ટકી ન શકો. યંત્રો જ વિશ્વસ્પર્ધામાં ટકાવી શકે. યંત્રોનો વિરોધ એ અંતે તો પછાત થઈ જવાની હઠ જ કહેવાય. પશ્ચિમની સમૃદ્ધિ યંત્રવાદથી આવી છે. યંત્રવાદ ન હોવાથી આપણે ગરીબ રહ્યા છીએ. આઝાદી પછીનાં ત્રીસ વર્ષો સુધી આપણે ચરખાવાદ તરફ વળ્યા. દેશ વધુ ને વધુ ગરીબ થતો ગયો. રશિયન પ્રધાનમંત્રી બુલ્ગાનીન અને ક્રુશ્ચેવ ભારત આવ્યા. તેમણે કહ્યું કે પાયાના ઉદ્યોગો સ્થાપિત કરો તો જ વિકાસ થશે, નહિ તો તમારું વિદેશી હૂંડિયામણ આયાત થનારી વસ્તુઓમાં ખેંચાઈ જશે. ત્યારે ભારત પાસે ૩૦ અબજનું હૂંડિયામણ રહેતું

આપણી પાસે વિદેશી હૂંડિયામણ ન હતું. કારણ કે નિકાસ જ ન હતી. નિકાસ ન હોવાનું કારણ વિશ્વસ્તરીય કશું ઉત્પાદન ન હતું. હું પ્રથમવાર વિદેશ ગયો હતો ત્યારે મને સાત કે બાર ડોલર વાપરવા મળ્યા હતા. ત્યારે આજના પ્રમાણમાં દશ ટકાય લોકો વિદેશ જતા નહિ. વિદેશ હૂંડિયામણ જ ક્યાં હતું? આપણો કાચો માલ સસ્તા ભાવે વિદેશ જતો તેનું થોડુંક વિદેશી હૂંડિયામણ મળતું. ચટણી જેટલું.

આયાત ઘણી કરવી પડતી. સિમેન્ટ, પતરાં, લોખંડ, ખાંડ, અનાજ, કાપડ વગેરે અસંખ્ય વસ્તુઓ બહારથી મંગાવવી પડતી. મોટા ભાગે બધી વસ્તુઓ ઉપર કંટ્રોલ રહેતો હતો.

## વાસ્તવિકતા



**સ્વામી સચ્ચિદાનંદ**

આપણે પાયાના ઉદ્યોગો તરફ વળ્યા. ૧. લોખંડ, સ્ટીલ, ૨. ઈલેક્ટ્રિસિટી ૩. જળબંધો વગેરે. ભીલાઈ, દુર્ગાપુર અને રુરકેલામાં દશ-દશ લાખ ટનની ક્ષમતાવાળાં સ્ટીલ પ્લાન્ટ નંખાયા. ભાખરા ડેમ થયો, બીજા ડેમો પણ થવા લાગ્યા. વીજળી ઉત્પન્ન થવા લાગી. આ પ્રથમ સાચી દિશા હતી.

રાજનેતાઓ ગાંધીવાદી દર્શન પછી સમાજવાદ તરફ વળ્યા. પં. નહેરુજી રશિયા, ચીન અને સામ્યવાદીઓથી પ્રભાવિત હતા જ્યારે પશ્ચિમ ખાસ કરીને અમેરિકા તરફ એલર્જી રાખતા હતા. તેથી મોટા—મોટા પાયાના ઉદ્યોગો તેમણે સરકારી મૂડીથી અને સરકારી નિયંત્રણમાં શરૂ કર્યા.

ઘણાં વર્ષો સુધી સરકારી મૂડી અને સરકારી નિયંત્રણવાળા ઉદ્યોગો થતા રહ્યા. પણ પછી સમજાયું કે કશી સ્પર્ધા ન હોવા છતાં પણ બધા ખોટ કરે છે. સ્થગિતતા આવી ગઈ છે. સ્તર ઘણો ઊતરતો હોય છે. ભ્રષ્ટાચાર ઘણો વધ્યો છે. સરકારી કારખાનાં પ્રતિવર્ષ સરકારી બજેટની મોટી રકમ ખાઈ જતાં કારણ કે બધું ખોટમાં ચાલતું. ચરખા દ્વારા થતું ઉત્પાદન સબસિડીથી ચાલતું, અમુક ક્ષેત્રોમાં ફરજિયાત વાપરવાનું હોવા છતાં માલનો ભરાવો થઈ જતો. લાંબાગાળે પડી ભાંગવા માંડ્યું. કારણ કે સિન્થેટિક વસ્ત્રોનો વપરાશ બહુ લોકપ્રિય થઈ રહ્યો હતો. તેની તુલનામાં ખાદી કોઈ રીતે ટકતી ન હતી. સરકાર માટે સરકારી કારખાનાં માથાનું દર્દ થઈ ગયું. ક્યાં સુધી ખોટ ભર્યા કરવી? સફેદ હાથીને ક્યાં સુધી ખવડાવવું? રશિયાનું અર્થતંત્ર તૂટી પડયું. ભેદ ખૂલી ગયો. સામ્યવાદીદર્શન હારી ગયું હતું. ત્યાંના પ્રધાનમંત્રી ગોર્બાચોવે હિમ્મતપૂર્વક હારને સ્વીકારી લીધી. સામ્યવાદને વિદાય કર્યો. સ્ટાલીનનું પૂતળું પાડી દીધું. ઝંડો બદલી નાખ્યો. દિશા બદલાઈ ગઈ. રશિયાની પછડાટથી અને પોતાના કડવા અનુભવોથી ભારત પણ જાગ્યું. અહીં નરસિંહ રાવ અને તેમના પછી રાજીવ ગાંધી આવ્યા. તેમણે પરિવર્તનની શરૂઆત કરી. ખાનગી મૂડીરોકાણ ચાલુ થયું. હવે ગાંધીવાદ કે સમાજવાદનું કોઈ નામ નથી લેતું. ગાંધીટોપી દેખાતી નથી. ચારે તરફ નાનાં-મોટાં અસંખ્ય કારખાનાંઓ થયાં છે. થઈ રહ્યાં છે. જી.આઈ.ડી.સી. જેવાં ઉદ્યોગનગરો બંધાયાં છે. લોકોને ઘણી રોજીઓ મળવા લાગી છે. ભારત સમૃદ્ધિની સાચી દિશા તરફ વળ્યું છે. હવે તો પોતાને ત્યાં કારખાના કરવા પ્રદેશો ખેંચાખેંચ કરે છે, કારણ કે તેમાંથી રોજીઓ મળે છે. ગરીબી દૂર થાય છે. સરકારને મબલક રેવન્યુ મળે છે. ૧૯૬૦માં મહારાષ્ટ્રમાંથી ગુજરાત જુદું થયું ત્યારે કુલ રેવન્યુ માત્ર ૬૦ કરોડ હતું. હવે ૩૦થી ૪૦ હજાર કરોડનું રેવન્યુ આવે છે. આ મબલક રેવન્યુથી માર્ગો, હવાઈ મથકો, ડેમો, નહેરો બંદરો, લોકો માટે રાહતો, સબસિડીઓ વગેરે અનેક ઉત્તમ કાર્યો થાય છે. જો માત્ર ગૃહઉદ્યોગવાળું દર્શન લઈને દેશ ચાલ્યો હોત તો આટલું રેવન્યુ ન આવત. તો વિકાસકાર્યો ન થાત. દેશ વધુ પછાત અને ગરીબ થઈ જાત.

ચીન પણ સુધર્યું. તેણે સામ્યવાદને ચાલુ રાખીને પશ્ચિમી મૂડીવાદ દાખલ કર્યો. જોત-જોતામાં ચીન વિશ્વ ઉપર છવાઈ ગયું છે. તેણે વિશ્વભરની મૂડીને આકર્ષી છે. અને જીવન-જરૂરિયાતની બધી વસ્તુઓ સસ્તા ભાવે બનાવી—બનાવીને વિશ્વમાં ઠાલવવા માંડી છે. ચીન આજે મહાશક્તિ થઈને સમૃદ્ધ થઈ ગયું છે. પશ્ચિમી અર્થતંત્રને કારણે. તેણે સામ્યવાદનો સકારાત્મક રૂપમાં સ્વીકાર કર્યો છે. અર્થાત્ કોઈ મજૂર કારીગર હડતાલ પાડી શકતો નથી. કામ કામ ને કામ. મજૂર પ્રોબ્લેમ નથી. તેથી માલ સસ્તો બને છે. વિશ્વભરની મૂડી ચીન તરફ દોડી રહી છે અને વિશ્વભરમાં ચીનની સસ્તી વસ્તુઓ દોડી રહી છે. આ સાચો રસ્તો છે. ખાનગીકરણની છૂટ મળવાથી આપણે ત્યાં પણ ઘણી પ્રગતિ થઈ છે. પણ ચીન જેવી નહિ. કારણ કે અહીં બે મોટી અડચણો નડી રહી છે. મજૂર પ્રોબ્લેમ અને સરકારી પ્રોબ્લેમ. અહીં લેબર-લો એકપક્ષીય હોવાથી હડતાલો પડે છે. એક વાર કોઈને રાખ્યા પછી કાઢી શકાતો નથી, તે કામ કરે કે ન કરે. કદાચ કાઢો તો કોર્ટમાં જીતીને ઊંચા કોલર કરીને પાછો આવે. આમ થવાથી ઉત્પાદનને ફટકો પડે છે, મજૂરોનું શોષણ ન જ થવું જોઈએ, પણ મૂડીનું પણ શોષણ ન થવું જોઈએ. મૂડીશોષણથી ઉદ્યોગો બંધ થશે. સરકારી પ્રોબ્લેમ બહુ ભયંકર છે. છેક બોટમથી ટોપ સુધી લોકો રુશવત લેતા થઈ ગયા છે. જમીન, વીજળી, પાણી વગેરે પાયાની વસ્તુઓ મેળવવા, લાંબો સમય કાર્યાલયોમાં આંટા મારવાના. થાકી જાવ, લાંચ આપો તો માંડ થોડું કામ થાય.

તેથી જે ઝડપથી ત્યાં ઔદ્યોગીકરણ થઈ રહ્યું છે તે ઝડપ આપણે ત્યાં નથી. જો આ બે દોષો ન હોત તો આપણાં ઉત્પાદનો પણ વિશ્વવ્યાપી થઈ ગયાં હોત પૂર્વે કહ્યું તેમ રાષ્ટ્ર અને પ્રજાની સમૃદ્ધિ અર્થતંત્રથી આવતી હોય છે. તે માટે જરૂરી છે, પ્રજાની ખરીદશક્તિ બધે પ્રજા બજારમાંથી વધુમાં વધુ ખરીદી કરે. પ્રત્યેક ખરીદી, કોઈ રોજી આપે છે, સાદાઈથી ખરીદી ઘટે છે. તેથી રોજીઓ ઘટે છે. તેથી ગરીબી વધે છે.

ઓછામાં ઓછા ખર્ચે અને ઓછામાં ઓછી વસ્તુઓથી જીવવું તે આદર્શ છે. પણ તેથી અર્થતંત્રને ફટકો પડે છે. તમે કશું જ ન ખરીદો અથવા ઘણું ઓછું ખરીદો તો રોજીઓ ઓછી થઈ જાય. તમારી સાદાઈ, લોકોને બેકાર બનાવનારી થઈ જાય છે. એટલે ખરીદશક્તિ અને ખરીદરસ વધવો જોઈએ, જે કુદરતી છે. (વધુ આવતા અંકે)

**ખેતી, શ્રદ્ધા અને સંસ્કૃતિનો સંગમ**

# વાવણી પહેલાં કન્સરી દેવીને દૂધે નવડાવવાની આદિવાસી પરંપરા







**ચો**માસાના આગમન સાથે જ સમગ્ર પ્રકૃતિ નવજીવન પામે છે. ધરતી હરિયાળી ચાદર ઓઢવાની તૈયારી કરે છે અને ખેડૂતો પોતાના જીવનના સૌથી મહત્વપૂર્ણ કાર્ય પ્ર વાવણી - માટે સજ્જ બને છે. પરંતુ આદિવાસી સમાજમાં વાવણી માત્ર ખેતીની શરૂઆત નથી, તે પ્રકૃતિ, ધરતી અને અન્નદાત્રી શક્તિ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો પવિત્ર પ્રસંગ છે. તેથી જ વાવણી પહેલાં કન્સરી દેવીને દૂધે નવડાવી, પૂજન-અર્ચન કરીને શુભ શરૂઆત કરવામાં આવે છે.

આદિવાસી સમાજ, ખાસ કરીને કુકણા પરંપરામાં, કન્સરી દેવીને ખેતી અને અનાજની અધિષ્ઠાત્રી દેવી તરીકે ખૂબ જ આદરપૂર્વક પૂજવામાં આવે છે. ચોમાસું બેસે અને વાવણીનો સમય નજીક આવે ત્યારે ઘરમાં સ્થાપિત કન્સરી દેવીની મૂર્તિ અથવા પ્રતીકને દૂધથી અભિષેક કરવામાં આવે છે. ત્યારબાદ ફૂલ, અક્ષત, હળદર, કંકુ અને નવા અનાજના બીજ અર્પણ કરીને પરિવારના સુખ, સમૃદ્ધિ અને સારા પાક માટે પ્રાર્થના કરવામાં આવે છે. આ વિધિ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ પ્રકૃતિ સાથેના જીવંત સંબંધનું પ્રતીક છે.

કન્સરી દેવી વિશે આદિવાસી સમાજમાં અનેક લોકકથાઓ અને દંતકથાઓ પ્રચલિત છે. આ કથાઓ પેઢી દર પેઢી મૌખિક પરંપરા દ્વારા જીવંત રહી છે. એક લોકપ્રચલિત માન્યતા મુજબ દેવી કહે છે - હું છ મહિના ઘરમાં રહીશ અને છ મહિના ખેતરમાં રહીશ. આ માન્યતા પાછળ ખેતીના ચક્રનું સુંદર દર્શન રહેલું છે. જ્યારે પાક ઘરમાં સંગ્રહિત હોય ત્યારે દેવી ઘરમાં નિવાસ કરે છે અને જ્યારે વાવણી થાય ત્યારે ખેતરમાં જઈને પાકની રક્ષા કરે છે. આ રીતે દેવી સમગ્ર કૃષિચક્ર સાથે અવિભાજ્ય રીતે જોડાયેલી માનવામાં આવે છે.



**નાનાપોંઢાનો પત્ર**
ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

આ રસપ્રદ માન્યતા માત્ર ભારતીય આદિવાસી પરંપરામાં જ નથી જોવા મળતી. વિશ્વની અનેક સંસ્કૃતિઓમાં ખેતી અને અનાજની દેવીઓ વિશે સમાન કથાઓ જોવા મળે છે. ગ્રીક સંસ્કૃતિમાં ડિમિટર અને રોમન સંસ્કૃતિમાં સિરિસ જેવી ખેતીની દેવીઓ વિશે પણ એવી કથાઓ છે કે તેઓ વર્ષનો એક ભાગ ધરતી પર અને એક ભાગ પાતાળમાં વિતાવે છે. આ માન્યતાઓ ઋતુચક્ર, પાક અને પ્રકૃતિના પરિવર્તન સાથે જોડાયેલી છે. આ સમાનતા દર્શાવે છે કે સમગ્ર વિશ્વમાં માનવજાતે ખેતીને માત્ર આર્થિક પ્રવૃત્તિ નહીં, પરંતુ જીવનદાયી આધ્યાત્મિક પ્રક્રિયા તરીકે પણ સ્વીકારી છે.

કન્સરી દેવીની પૂજા પાછળ માત્ર શ્રદ્ધા જ નથી, પરંતુ જીવનદર્શન પણ સમાયેલું છે. આદિવાસી સમાજ ધરતીને માતા માને છે. જે ધરતી આપણને અનાજ આપે છે, તે પહેલાં તેની પ્રત્યે આદર વ્યક્ત કરવો જોઈએ એવી ભાવના આ પરંપરામાં સ્પષ્ટ દેખાય છે. દૂધથી અભિષેક કરવાનો અર્થ પવિત્રતા, સમૃદ્ધિ અને કૃતજ્ઞતાની અભિવ્યક્તિ છે. વાવણી પહેલાં આ વિધિ કરીને ખેડૂત પ્રકૃતિ સાથે સંવાદ સ્થાપે છે અને આશા રાખે છે કે આવનાર વર્ષ સુખાકારી અને સમૃદ્ધિ લાવશે.

આજે આધુનિક યુગમાં કૃષિ ક્ષેત્રમાં અનેક વૈજ્ઞાનિક સાધનો અને નવી પદ્ધતિઓ આવી ગઈ છે. છતાં આદિવાસી સમાજે પોતાની પરંપરા, લોકવિશ્વાસ અને સાંસ્કૃતિક ઓળખને જીવંત રાખી છે. આ પરંપરાઓ માત્ર ધાર્મિક વિધિઓ નથી, પરંતુ સમાજના સામૂહિક જીવન, પરસ્પર સહકાર અને પ્રકૃતિ પ્રત્યેના સન્માનને પણ મજબૂત બનાવે છે.

કન્સરી દેવીની કથાઓનો અભ્યાસ કરતાં સમજાય છે કે લોકસાહિત્ય, લોકધર્મ અને ઈતિહાસ એકબીજાથી ગાઢ રીતે જોડાયેલા છે. કોઈપણ પરંપરાને માત્ર અંધશ્રદ્ધા કહીને નકારી દેવી યોગ્ય નથી. તેની પાછળ રહેલી જીવનપદ્ધતિ, પર્યાવરણ પ્રત્યેની સમજ, કૃષિચક્ર અને સામાજિક મૂલ્યોને સમજવાનો પ્રયાસ કરવો જરૂરી છે. કથાઓ પાછળની શ્રદ્ધા, પરંપરા અને ઈતિહાસને જાણ્યા વિના કોઈપણ સંસ્કૃતિનો અભ્યાસ અધૂરો રહે છે.

આજના સમયમાં જ્યારે પર્યાવરણનું સંતુલન ખોરવાઈ રહ્યું છે અને કુદરતી સંસાધનો પર દબાણ વધી રહ્યું છે, ત્યારે આવી પરંપરાઓ આપણને પ્રકૃતિ સાથે સુમેળમાં જીવવાનો સંદેશ આપે છે. ધરતી, પાણી, વૃક્ષો અને અનાજ પ્રત્યે આદર રાખવો એ જ સાચો વિકાસ છે.

ધરતી પરના તમામ જીવસૃષ્ટિને અન્નરૂપે પોષણ આપતી કન્સરી દેવીને સહસ્ત્ર નમન.

આ પ્રાચીન પરંપરાને પેઢી દર પેઢી જીવંત રાખનારા આદિવાસી સમાજને વંદન. લોકકથાઓને સાચવી રાખનારા વડીલોને પ્રણામ અને ખેતીને માત્ર વ્યવસાય નહીં, પરંતુ જીવન અને સંસ્કૃતિ તરીકે જીવતા દરેક ખેડૂતને હાર્દિક અભિનંદન. આવી પરંપરાઓ આપણા સાંસ્કૃતિક વારસાની અમૂલ્ય ધરોહર છે, જેને જાળવવી અને આવનારી પેઢી સુધી પહોંચાડવી એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે.

DGT
આપનું અખબાર : આપનો અવાજ

# પારડી તાલુકા વિશેષ

VAPI PAGE - 5
Wednesday 01, July 2026

● પારડી
● ઉદવાડા
● વાઘછીપા
● પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

## પારડી વરિષ્ઠ નાગરિક મંડળની માસિક સાધારણ સભા મળી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી વરિષ્ઠ નાગરિક મંડળની માસિક સાધારણ સભા યોજવામાં આવી હતી જે માસિક સાધારણ સભામાં મંડળના સેવાભાવી સભ્યો નો સન્માન અને શૈક્ષણિક સહાય માટેના ચેકના વિતરણ કરવામાં આવ્યા હતા. પારડી વેજનાથ મહાદેવ મંદિરના બાજુમાં આવેલ વરિષ્ઠ નાગરિક મંડળના કાર્યાલયમાં ગત રવિવારના રોજ વરિષ્ઠ નાગરિક મંડળની માસિક સાધારણ સભા મળી હતી આ સભામાં મંડળના પ્રમુખ એન કે દેસાઈ ઉપપ્રમુખ મહેશભાઈ દેસાઈ મંત્રી પ્રફુલભાઈ લાડ ખજાનચી દલપત ચાપાનેરી સાથે મોટી સંખ્યામાં ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા આ સભામાં મંડળના સેવાભાવી ભાઈ-બહેનો કે જેમણે મેડિકલ સાધનો લેવા માટે અને અન્ય એક્ટિવિટી માટે સહાય આપી હોય એમનો સન્માન કરવામાં આવ્યો હતો ચાર વિદ્યાર્થીઓને ચેકોનો વિતરણ કરવામાં આવ્યો હતો મંડળના સભ્યોના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી અને દરેક સભ્યને ગિફ્ટ આપવામાં આવી હતી આમ ખૂબ જ ઉત્સાહપૂર્વક વરિષ્ઠ નાગરિક મંડળની માસિક સામાન્ય સભા યોજાઈ હતી.

## પારડીમાં મેઘરાજાની એન્ટ્રીથી લોકોમાં હાશકારો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી પંથકમાં વહેલી સવારના મેઘરાજાએ એન્ટ્રી મારતા ચોમેર વરસાદની હેલી જોવા મળી હતી લાંબા સમય બાદ વરસાદ આવતા લોકોમાં આનંદ છવાઈ ગયો હતો.

પારડી અને આજુબાજુના ગામડાઓમાં આજે વહેલી સવારના મેઘરાજાની એન્ટ્રી પડી હતી મેઘરાજાની મહેર થતા વરસાદ દરેક વિસ્તારોમાં પડ્યો હતો. સવારના શરૂ થયેલ વરસાદ સાંજ સુધી પડ્યો હતો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી લાંબા સમય બાદ વરસાદની શરૂઆત થતાં ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા હતા અને આનંદ છવાઈ ગયો હતો.

લોકો છત્રી અને રેનકોટ લઈને નીકળી પડ્યા હતા. સખત ગરમી બાદ વરસાદ આવતા લોકોએ ભગવાનનો આભાર માન્યો હતો અને હવે વરસાદ સતત ચાલુ રહે એવી ભગવાનને પ્રાર્થના કરી હતી.

## પારડી હાઈવે શ્રીનાથજી હોટલ વિસ્તારમાં ન.પા. દ્વારા ૨૫ વર્ષથી પાણીનું કનેકશન નથી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી નગરપાલિકા વિસ્તારમાં આવતા નેશનલ હાઈવે નંબર ૪૮ ને અડીને આવેલ શ્રીનાથ હોટલના વિસ્તારમાં પીવાનું પાણી નહીં આવતા આ વિસ્તારના લોકોએ ૨૫ વર્ષથી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે પારડી નગરપાલિકા માં લાખો નો વેરો આપતા વિસ્તારના લોકોને પીવાનું પાણી મળી રહે એવી માંગણીઓ ઉઠી રહી છે. પારડી નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૧ થી ૭ માં દરરોજ પીવાનું પાણી સપ્લાય કરવામાં આવે છે પરંતુ હજી પણ કેટલાક વિસ્તારમાં પીવાનું પાણી પહોંચી શક્યું નથી જેનું ઉદાહરણ પારડીના છેવાડે આવેલ શ્રીનાથ હોટલનો વિસ્તાર છે. આ વિસ્તારને લોકોને કહેવાનું છે કે હોટલમાં દરરોજ પીવાના પાણીના અભાવે ટેન્કર મંગાવા પડે છે જેના લીધે મુશ્કેલી સર્જાઈ રહી છે તો પારડી નગરપાલિકાના વોટરપાર્ક વિભાગ દ્વારા આ વિસ્તારમાં છેવાડે સુધી પાઈપલાઇન કરી પીવાનું પાણી પહોંચાડવામાં આવે જનતાના હિતમાં ખૂબ જ જરૂરી બની ગયું છે. પાણીને મુશ્કેલીનો સામનો કરી રહેલા આ વિસ્તારના લોકો માંગણી કરી રહ્યા છે એમનું કહેવું છે કે, ૨૫ વર્ષથી એમને પીવાનું પાણી મળી મળતું નથી ટેન્કર મંગાવીને કામ ચલાવવામાં આવી રહ્યું છે. લાખોનો વેરો ભરવો છતાં પણ એમને સુવિધા મળતી નથી તો પારડી નગરપાલિકા આ વિસ્તારને પીવાના પાણીની સુવિધા પૂરી પાડે ખૂબ જ જરૂરી બની ગયું છે.



## પારડી હાઈવે પર પ્રિમોન્સુન કામગીરી ન થતાં પ્રથમ વરસાદે જ પાણી ભરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી પંથકમાં વરસાદની શરૂઆત થઈ છે ત્યારે પ્રથમ વરસાદમાં જ પારડી નેશનલ હાઈવે નંબર ૪૮ માં અનેક વિસ્તારોમાં સર્વિસ રોડ અને હાઈવેના વચ્ચે વરસાદી પાણી નો ભરાવો થતા લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. પારડી પંથકમાં વરસાદની શરૂઆત થતાની સાથે જ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૪૮ માં ફીનાઈલ ફેક્ટરી ની સામે દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જે વરસાદી પાણીના ભરાવવા બાદ અવારનવાર કરતા વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા હતા અને નાના-મોટા અકસ્માતના બનાવો પણ બન્યા હતા. ચોમાસા પહેલા ચોક્કસ પ્રીમોન કામગીરી હાઈવે દ્વારા કરવાની જરૂર હતી પરંતુ આ વિસ્તારમાં દર વર્ષે આ સમસ્યા હોય છે ત્યારે ચોક્કસ પ્રીમોન કામગીરી ચોમાસાના પાણીના નિકાલ માટે ના કરવામાં આવી હોય એ ચોક્કસ પાણીના ભરાવા પરથી જણાઈ આવે છે પાણીના ભરાવા બાદ પ્રસાર થતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા ત્યારે હજી વ્યવસ્થા સુધારી શકાય છે. હાઈવે તંત્ર દ્વારા ચોમાસાના શરૂઆતમાં જ અહીં ચોક્કસ પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરવામાં આવે તો અકસ્માત થતા અટકાવી શકાય છે અને વાહન ચાલકો ખાસ કરીને સ્થાનિક લોકોને મુશ્કેલીમાંથી બચાવી શકાય છે.

## પારડી કોંગ્રેસની વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ અંગે કલેકટરને રજુઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને પડી રહેલી દાખલા મેળવવા માટે મુશ્કેલી અંગે ની રજૂઆત જિલ્લા કલેકટરને કરવામાં આવી છે અને ચોક્કસ વ્યવસ્થા ગોઠવવા માટે માંગણી કરવામાં આવી છે.

પારડી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે એક સામાન્ય માણસને પોતાનો હક મેળવવા માટે કચેરીઓના ધક્કા ખાવા પડે છે. વિદ્યાર્થીઓના એડમિશન અટવાઈ રહ્યા છે. યુવાનોની નોકરીની અરજીઓ પુરાવા ના અભાવે અટકી રહી છે. પાસપોર્ટ-વિઝાની પ્રક્રિયા અટકી રહી છે અને તંત્ર માત્ર ટેકનિકલ એરર અને સોફટવેરના બહાનાં આપે છે આ સરકાર અને તંત્રની નિષ્ક્રિયતા સામાન્ય જનતા પર અન્યાય સમાન છે જો આ કાર્યવાહી સમયસર થાય તો ઘણી સરાહનીય છે. પણ આ ઓનલાઈન પ્રક્રિયા કાયમ ખોટકાઈલી અવસ્થા માંજ જોવા મળે છે આ બાબતે સ્થાનિક સ્તરે રજૂઆત કરે તો જીલ્લા આરોગ્ય તંત્ર ઉપર જવાબદારી નાંખવામાં આવે છે. જીલ્લા આરોગ્ય અધિકારી ને રજુઆત કરે તો રાજ્ય સરકાર ઉપર જવાબદારી નાંખવામાં આવે છે આથી જીલ્લા કલેકટર ને ટપાલ દ્વારા આ મુદ્દે રજૂઆત કરી સાથે સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા ને આ ગંભીર મુદ્દે રાજ્ય સરકારમાં રજુઆત કરવા માટે જાણ કરવામાં આવી છે. સ્થાનિક વ્યક્તિની ઓળખ સ્થાનિક કર્મચારી જેતે સ્થાનિક જન-તિનિધની ભલામણ કે લેખિત દાખલો આપી જેતે વ્યક્તિની ઓળખ સ્તયાપિત કરી દાખલો કાઢી શકે તો આ જન્મ મરણ નોંધણી પછી દાખલા કાઢવાની લાઈનો ઓછી થાય જનતા ઓછી હેરાન પરેશાન થાય. જન્મમરણના દાખલા સમયસર, સ્થાનિક સ્તરે અને સરળતાથી મળવા જ જોઈએ. જો સરકાર અને તંત્ર તાત્કાલિક ધોરણે આ સમસ્યા નો ઉકેલ નહીં આવે તો અમો સરકાર નું ધ્યાન દોરવા માટે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન નો માર્ગ અપનાવવા પારડી શહેર કોંગ્રેસે જણાવ્યું હતું.

## જે.પી. પારડીવાલા કોલેજમાં વિદાય સમારંભ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડીમાં આવેલ જે.પી પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સંસ્કૃત વિષયના પ્રા. દિલીપકુમાર વી પટેલનો નિવૃત્તિ વિદાય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. સમારોહની શરૂઆત ટી.વાય. બી.એની વિદ્યાર્થીની સલોની માહ્યાવંશીની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંચાલક મુકેશસિંહ સોલંકીએ ધી પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ અને નિવૃત્ત એકાઉન્ટન્ટ ગોપાલ પાટીલે મોકલાવેલ શુભેચ્છા સંદેશનું વાંચન કર્યું હતું.

ત્યારબાદ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુની દેસાઈએ નિવૃત્ત થતા અધ્યાપકને આવકાર પ્રવચન આપી આવકાર્યા હતા અને તેમણે કરેલા કોલેજના કાર્યોની ઝાંખી કરાવી હતી. ત્યારબાદ નિવૃત્ત થતા પ્રા.દિલીપકુમાર વી. પટેલને શ્રીફળ, પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કોલેજના સ્ટાફ પરિવાર વતી જે સ્મૃતિભેટો લાવવામાં આવી હતી તે તમામ સ્મૃતિભેટો અને સન્માન પત્ર કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ અને સ્ટાફ સેક્રેટરી પ્રા.જીતેન્દ્રકુમાર એમ ટંડેલના હસ્તે અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ હાજર રહેલા ભૂતપૂર્વ નિવૃત અધ્યાપકો માંથી પ્રા. અતુલભાઈ પંડ્યા, પ્રા. કિશોરસિંહ પરમાર, પ્રા. છાયાબેન દેસાઈ એ પોતાના અભિપ્રાયો આપ્યા હતા. ત્યારબાદ એમના સગા સંબંધીઓએ પણ તેમના વિશે ખૂબ સુંદર અભિપ્રાયો પ્રદાન કર્યા હતા કોલેજમાંથી પ્રા.જીતેન્દ્રકુમાર એમ ટંડેલ, પ્રા.મુકેશસિંહ સોલંકી,ડૉ. સતવિન્દર કૌર ધનજય અને ડૉ.જીતુભાઈ ભોઈએ પણ એમની સાથે ગુજારેલા દિવસોને યાદ કરી અભિપ્રાયો આપ્યા હતા કોલેજમાં ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ પ્રા. મુકેશસિંહ સોલંકીએ કરી હતી.



## પારડીમાં વટ સાવિત્રી વ્રતની વરસાદી માહોલ વચ્ચે ઉજવણી

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા વટ સાવિત્રી વ્રતની પારડી શહેરમાં પરંપરાગત શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. વરસાદી માહોલ વચ્ચે પણ વટ સાવિત્રી વ્રત નિમિત્તે વહેલી સવારથી જ પારડીના વિવિધ વિસ્તારોમાં આવેલ વડના વૃક્ષ વટવૃક્ષ પૂજા અર્ચના કરવા માટે મહિલાઓની ભારે ભીડ જોવા મળી હતી. સ્ત્રીઓએ વડના વૃક્ષની ફરતે કાચો સૂતરનો દોરો વીંટીને પ્રદક્ષિણા કરી હતી. આ પૂજામાં મુખ્યત્વે ભગવાન ગણપતિજી, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પૂજા કરવામાં આવે છે. સતી સાવિત્રી અને સત્યવાનનું સ્મરણ કરી તેમના આશીર્વાદ લેવામાં આવે છે. પૂજા પૂર્ણ થયા બાદ જળ ગ્રહણ કરીને મહિલાઓ પોતાના ઉપવાસના પારણા કરે છે.

## આમળી પ્રા. શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** રાજ્ય સરકાર દ્વારા રાજયના દરેક વિસ્તારોમાં તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી પ્રેરિત શાળા પ્રવેશોત્સવ અને વૃક્ષારોપણના કાર્યક્રમો ચાલી રહ્યા છે જે સંદર્ભમાં આજરોજ પારડી તાલુકાના આમળી ગામમાં શાળા પ્રવેશ ઉત્સવ અને વૃક્ષારોપણ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં આમળી ગામમાં પારડી તાલુકા પંચાયતના પ્રમુખ કિન્નરીબેન હિતેશભાઈ પટેલ તાલુકા પંચાયતના સભ્ય કીર્તિબેન વિજયભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં અહીં આવેલ -નથમિક શાળામાં શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## કોટલાવમાં અરજગરનું રેસ્કયુ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી તાલુકાના કોટલાવ ગામમાં જીવદયા ગ્રુપ પારડી એ વિશાળ આકાર ધરાવતા અજગર ને પકડી રેસ્ક્યુ કર્યો હતો. પારડી જીવદયા ગ્રુપના પ્રમુખ અલી અન્સારીને પારડીના કોટલાવ ગામમાં રહેતા જયેશભાઈનો ફોન આવ્યો હતો કે એમના ઘરનાના પાછળ એક મહાકાય અજગર સાપ આવી ચડ્યો છે. જે એમના ત્યાં ના એક મોટા મરઘાનું શિકાર કરી એને ખાઈ ગયો છે . ત્યારબાદ જીવદયા ગ્રુપ ના સભ્યો યાસીન મુલતાની અને રિશી ઠાકુર ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ત્યાં જઈને ૧૨ ફૂટ લાંબા મહાકાય અજગર સાપ જે ખૂબ આક્રમક હતો એનું રેસ્ક્યુ સફળ રીતે કરી લીધું હતું અને આ અજગર સાપને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યું હતું.

## ખેરલાવ પ્રા. શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી તાલુકાના ખેરલાવ ગામની પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવઅનેશાળાપ્રવેશોત્સવ-૨૦૨૬નું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોટ IAS ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય અદિતિ અંકિતકુમાર પટેલ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ હિરેન પટેલ, ગોઈમા બેઠકના તાલુકા પંચાયત સદસ્ય સેજલબેન મનોજભાઈ નાયકા, સ્વાધ્યાય મંડળ પારડીના ભગીરથભાઈ દેસાઈ, ગામના સરપંચ મયંક પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો, શિક્ષકગણ, વાલીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના વિકાસમાં સહભાગી બનેલા દાતાઓનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. નવા પ્રવેશ મેળવનાર તેમજ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દાતા ઓના સહયોગથી શાળા પરિસરમાં સ્થાપિત મા સરસ્વતીજીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સાથે એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું કાર્યક્રમ બાદ મહાનુભાવોએ ગામમાં નિર્માણાધીન આધુનિક પુસ્તકાલયની મુલાકાત લીધી હતી. આ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીએ પુસ્તકાલયના કાર્યની પ્રશંસા કરી હતી અંતે શાળા પરિવાર દ્વારા તમામ મહાનુભાવો, દાતાઓ, ગ્રામજનો અને વાલીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## પારડી -નાનાપોંઢા માર્ગ પર સીસીટીવી કેમેરા મુકાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી ના મુખ્ય દ્વાર પર નાનાપોન્ડા તરફ જતા માર્ગમાં વહીવટી તંત્ર દ્વારા સીસીટીવી કેમેરા મૂકી દેવામાં આવ્યા છે. આ સાથે હવે નાનાપોંઢાથી પારડી આવતા વાહનચાલકો સીસીટીવી કેમેરાના નજરમાં આવી ગયા છે સીસીટીવી કેમેરા પોલીસને ગુનાખોરી અટકાવવામાં ખૂબ જ ઉપયોગી થાય છે મુખ્ય માર્ગમાંથી આવતા લોકો સીસીટીવી કેમેરા ની નજર માં રહે છે જેથી કોઈપણ ગુનાહિત કૃત્ય કરીને ભાગના વ્યક્તિ સીસીટીવી કેમેરામાં આવી જતો હોય છે.

અને પોલીસને ગુનેગાર વ્યક્તિને પકડવામાં મદદ મળતી હોય છે આમ પારડી નાનાપોંઢા રોડ પણ હવે સીસીટીવી કેમેરા ની નજરમાં આવી જતા પાર્ટી પોલીસને ગુનો કરીને ભાગનાર વ્યક્તિને પકડવામાં સરળતા રહેશે.

## પારડી પાલિકામાં સિનિયર કલાર્કનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી નગરપાલિકામાં નિષ્ઠા અને ઈમાનદારી પૂર્વક ફરજ બજાવી વયમર્યાદા પૂર્ણ કરનાર સિનિયર ક્લાર્ક ઈર્શાદબેન શેખ નિવૃત થતા આજરોજ પારડી નગરપાલિકામાં એમનો વિદાય સમારંભ યોજાયો હતો અહીં પારડી નગરપાલિકાના સભાખંડમાં આજે વહેલી સવારના પારડી નગરપાલિકાના પ્રમુખ ચેતનભાઈ નાયકા કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ સાઉન્ડ પ્લાનિંગ ચેરમેન સિરીશભાઈ પટેલ સદસ્ય ભૂમિબેન શ્રેયાંશ ભાઈ પારેખ, નેહાબેન પટેલ, ઉષાબેન પટેલ, લીલાબેન પટેલ, લાલજીભાઈ યાદવ સાથે પારડી શહેર ભાજપ પ્રમુખ વિપુલ પટેલ પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ કપિલ ભાઈ હળપતિ સાથે અન્ય નગરપાલિકાના સદસ્ય દરેક વિભાગના કર્મચારીઓ અધિકારીઓ ની ઉપસ્થિતિમાં વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખ અને કારોબારી અધ્યક્ષ તથા સદસ્યો અને કર્મચારીઓએ ઈર્શાદ બેને પારડી નગરપાલિકામાં આપેલી નિષ્ઠા અને ઈમાનદારી પૂર્વકની સેવા અને બિરદાવી હતી અને એમના સારા જીવન માટે શુભકામનાઓ આપી હતી તમામ કર્મચારીઓ એમનો સન્માન કર્યો હતો અને એમને શુભકામનાઓ આપી હતી. ઈર્શાદ બેને સફાઈ કર્મચારી બહેનોને સાડીનું વિતરણ કર્યું હતું તેઓએ પારડી નગરપાલિકાના દરેક સદસ્યો કર્મચારીઓ અધિકારીઓ અને નગરજનોનો એમને મળેલા પૂર્ણ સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો તેઓએ જીવનના ત્રીસ વર્ષથી વધારે પારડી નગરપાલિકામાં સેવા આપી નગરજનોને દિલ જીતી લીધો હતો વગર વિવાદે અને કોઈપણ આક્ષેપ વિના તેઓ નિવૃત થયા છે મહેનત ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વકની જવાબદારી પૂર્વકની ફરજ એવો એ અદા કરી છે. જે બદલ એમને આજે બિરદાવા આવ્યા હતા એમના પરિવારજનો અને એમના સમાજના આગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને શુભકામનાઓ આપી હતી.ક




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ ગામમાં આવેલ જે. વી.બી.એસ. હાઈસ્કુલ માં સામાજિક વર્નીકરણ વિભાગ વલસાડ રેન્જ પારડી ના આર એફ ઓ સુજીત એસ પટેલ તેમજ રેન્જ ના સ્ટાફ દ્વારા શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરાવવામાં આવ્યો હતો જેમાં એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું શાળા પરિવાર આનંદની લાગણી સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

# અન્ય સમાચારો

Wednesday 01, July 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 01, July 2026

## ભારત-અમેરિકા વ્યાપાર કરાર

ભારત અને અમેરિકા વચ્ચેનો દ્વિપક્ષીય વ્યાપાર કરાર છેક ઉંબરે આવીને અટકી ગયો છે. બંને પક્ષ વારંવાર કહે છે કે, ડીલ બહુ નજીક છે, પણ હજુ સુધી સહી થઈ નથી. વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલ અને અમેરિકી વ્યાપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીર વચ્ચેની તાજેતરની બેઠકો પછી પણ કોઈ અંતિમ નિર્ણય આવ્યો નથી. વૈશ્વિક આર્થિક સમીકરણો અને જીઓપોલિટિક્સના આ દોરમાં ભારત કોઈ ઉતાવળ કરવાના મૂડમાં નથી. કારણ કે, આ કરારની સીધી અસર દેશના કરોડો ખેડૂતો, ઉદ્યોગો અને ગ્રાહકો પર પડવાની છે. ભારતની વાટાઘાટોનો મુખ્ય પાયો એ છે કે, અમેરિકી બજારમાં ભારતીય નિકાસકારોને વિયેતનામ, બાંગલાદેશ કે થાઈલેન્ડ જેવા હરીફ દેશો કરતાં વધુ ફાયદો મળવો જોઈએ. વાણિજ્ય પ્રધાનનું વલણ સ્પષ્ટ છે જ્યાં સુધી ભારતને તેના હરીફો કરતાં ટેરિફમાં સ્પષ્ટ ફાયદો નહીં મળે, ત્યાં સુધી ભારત આ વ્યાપાર કરારનો અમલ નહીં કરે. આ કરારમાં સૌથી સંવેદનશીલ પાસું ભારતનું કૃષિ ક્ષેત્ર છે. સંયુક્ત કિસાન મોરચા અને કિસાન મજદૂર મોરચા જેવાં સંગઠનો દેશભરમાં આ કરાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હિમાચલ અને કાશ્મીરના સફરજન ઉત્પાદકોથી માંડીને મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના સોયાબીન અને કપાસ પકવતા ખેડૂતો ચિંતામાં છે. અમેરિકા પોતાના ખેડૂતોને અબજો ડોલરની સબસિડી આપે છે. જો અમેરિકાના સસ્તાં અને સબસિડીવાળા કૃષિ ઉત્પાદનો (જેમ કે, સોયાબીન તેલ, કપાસ, સફરજન કે ડેરી પ્રોડક્ટ્સ) પર ઈમ્પોર્ટ ડ્યૂટી ઘટાડવામાં આવે, તો ભારતના નાના અને સીમાંત ખેડૂતો બજારમાં ટકી જ ન શકે. એક તરફ સસ્તી આયાતથી ખાદ્યતેલો, કઠોળ અને ડેરી ઉત્પાદનોના ભાવ ઘટી શકે છે, જે ગ્રાહકોને મોંઘવારીમાંથી રાહત આપશે, પરંતુ બીજી તરફ, જો સ્થાનિક ઉત્પાદકોને નુકસાન થાય તો ગ્રામીણ આવક ઘટશે અને લાંબા ગાળે સપ્લાય ચેનની કટોકટી અને આર્થિક અસ્થિરતા સર્જાશે. અમેરિકા-ચીનના વ્યાપાર તણાવ અને બદલાતી ગ્લોબલ સપ્લાય ચેન વચ્ચે ભારત ચોક્કસપણે વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં મોટું સ્થાન મેળવવા ઈચ્છે છે, પરંતુ ડબ્લ્યુટીઓના નિયમો અને અમેરિકાની અકળ ટેરિફ નીતિઓ (જેમ કે, સેક્શન ૩૦૧ હેઠળની તપાસ) વચ્ચે ભારતે પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખવી પડશે. આ કરાર માત્ર કેટલી ઝડપથી સાઈન થાય છે, તેના પરથી ન મૂલવવો જોઈએ, પણ તે ભારતના લાંબા ગાળાના આર્થિક હિતોનું રક્ષણ કરે છે કે, નહીં તે જોવું રહ્યું. જેમ ઉતાવળે આંબા ન પાકે, એ જ રીતે આર્થિક વિકાસ અને વૈશ્વિક વ્યાપાર વધારવો અનિવાર્ય છે, પરંતુ તે કરોડો ખેડૂતોની રોજીરોટી અને દેશની ખાદ્ય સુરક્ષાના ભોગે ન હોઈ શકે.

# ભારતે ન્યુક્લિયર રિએક્ટરની ગરમીથી હાઈડ્રોજન બનાવ્યો



### કોપર-ક્લોરીન થર્મોકેમિકલ સાયકલ' પર આધારિત આ ટેક્નોલોજી કાર્બન-મુક્ત અને કાર્યક્ષમ છે, જે સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રે ભારતને અગ્રેસર બનાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૩૦ : ભારતે વૈશ્વિક સ્તરે પરમાણુ ઊર્જા ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચી દીધો છે. દેશે દુનિયાના સૌપ્રથમ એવા હાઈડ્રોજન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે, જે વીજળીના બદલે પરમાણુ રિએક્ટરની ઊર્જાનો ઉપયોગ કરીને હાઈડ્રોજનનું ઉત્પાદન કરે છે. તમિલનાડુના કલપક્કમમાં આવેલા 'ઈન્દિરા ગાંધી પરમાણુ અનુસંધાન કેન્દ્ર' ખાતે આ વિશ્વની પહેલી ન્યૂક્લિયર હાઈડ્રોજન ઉત્પાદન ફેસિલિટી શરૂ કરવામાં આવી છે. 'કોપર-ક્લોરીન થર્મોકેમિકલ સાયકલ' પર આધારિત આ ટેક્નોલોજી સંપૂર્ણપણે કાર્બન-મુક્ત અને અત્યંત કાર્યક્ષમ છે.

પરમાણુ ઊર્જા વિભાગના સચિવ અજીત કુમાર મોહંતીએ જણાવ્યું હતું કે, પરમાણુ ઊર્જામાં કાર્બન-મુક્ત વીજળીની સાથે-સાથે મોટા પાયે હાઈડ્રોજન ઉત્પાદન માટે જરૂરી ઉચ્ચ તાપમાન આપવાની અનોખી ક્ષમતા છે. એટમિક એનર્જી કમિશનના પૂર્વ ચેરમેન અને ન્યૂક્લિયર ફિઝિસિસ્ટ અનિલ કાકોદકરે ઉમેર્યું કે, વિશ્વમાં ક્લીન એનર્જી માટે હાઈડ્રોજન સૌથી મહત્ત્વનો સ્રોત બની રહ્યો છે, તેથી તેના ઉત્પાદનની આવી સસ્તી પદ્ધતિઓ ખૂબ જ જરૂરી છે.

ઐતિહાસિક ઉદ્ઘાટનઃ આ સુવિધાનું ઉદ્ઘાટન ૨૬ જૂનના રોજ ભારતના સૌથી જૂના કલપક્કમ સ્થિત 'ફાસ્ટ બ્રીડર ટેસ્ટ રિએક્ટર' (FBTR) ખાતે કરવામાં આવ્યું છે, જે ૧૯૫થી રિસર્ચ માટે કાર્યરત છે.

૫૦૦ મેગાવોટનું રિએક્ટરઃ આ પ્લાન્ટ એ જ કોમ્પ્લેક્સમાં છે જ્યાં 'પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર' (PFBR) આવેલું છે. આ ૫૦૦ મેગાવોટના કોમર્શિયલ રિએક્ટરે એપ્રિલ ૨૦૨૬માં જ પહેલીવાર સફળ સંચાલન હાંસલ કર્યું હતું.

પાણીમાંથી હાઈડ્રોજનઃ સામાન્ય ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની જેમ જ આ ટેક્નોલોજી પણ પાણી $H_2O$માંથી હાઈડ્રોજન $H_2$ અલગ કરે છે. પરંતુ તેમાં વીજળીના બદલે રિએક્ટરની વધારાની ગરમી અને કોપર-ક્લોરીનની કેમિકલ રિએક્શન ચેનનો ઉપયોગ થાય છે. ડેમોન્સ્ટ્રેટર પ્રોજેક્ટઃ આ એક ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર પ્રોજેક્ટ છે, જે દુનિયાને બતાવશે કે વીજળી વગર પણ ન્યૂક્લિયર પ્રોસેસથી હાઈડ્રોજન બનાવી શકાય છે.

પરમાણુ ઊર્જા વિભાગના જણાવ્યા અનુસાર, હાઈડ્રોજન બનાવવાની આ નવી સુવિધા ભારતના ત્રણ-ફેઝવાળા ન્યૂક્લિયર પ્રોગ્રામની એક મોટી સફળતા છે. ૧૯૫૦ના દાયકામાં ભારતમાં યુરેનિયમનો મર્યાદિત જથ્થો હોવાને કારણે મહાન વૈજ્ઞાનિક હોમી જહાંગીર ભાભાએ એક ખાસ યોજના બનાવી હતી, જેથી દેશમાં ભરપૂર માત્રામાં ઉપલબ્ધ 'થોરિયમ'નો ઉપયોગ કરી શકાય. તેના પ્રથમ તબક્કામાં 'પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર' બનાવવામાં આવ્યા હતા, જે તમિલનાડુના કુડનકુલમમાં કાર્યરત છે.

પ્રોગ્રામના બીજા તબક્કામાં કલપક્કમના FBTR અને PFBR જેવા 'ફાસ્ટ બ્રીડર રિએક્ટર'નો સમાવેશ થાય છે. આ રિએક્ટર્સ એવા સિદ્ધાંત પર કામ કરે છે કે તેઓ જેટલું બળતણ વાપરે છે, તેના કરતાં વધુ બળતણનું ઉત્પાદન કરે છે. પરંપરાગત રિએક્ટરો બળતણ તરીકે યુરેનિયમ વાપરે છે, જ્યારે ફાસ્ટ બ્રીડર રિએક્ટરમાં પ્લુટોનિયમનો ઉપયોગ થાય છે.

ભારતના ફાસ્ટ બ્રીડર રિએક્ટર્સ અત્યારે પ્લુટોનિયમ પર ચાલે છે, પરંતુ ભવિષ્યમાં તેને થોરિયમ પર ચલાવી શકાય તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે. હાલમાં જે FBTR ખાતે આ સુવિધા શરૂ કરાઈ છે તે કોમર્શિયલ રિએક્ટર નથી પરંતુ ૪૦ મેગાવોટ થર્મલ ક્ષમતા ધરાવતું એક ટેસ્ટ બેડ છે, જે ભવિષ્યના પ્રોગ્રામ માટે પાયો તૈયાર કરે છે.

આ સફળ ડેમો પ્રોજેક્ટથી ભારતની ન્યૂક્લિયર અને હાઈડ્રોજન બંને સેક્ટરમાં ક્ષમતા સાબિત થઈ છે.

નિષ્ણાતોના મતે, આ પ્રક્રિયાથી બનતા હાઈડ્રોજનને ટેકનિકલ રીતે 'ગ્રીન હાઈડ્રોજન' ન ગણવામાં આવે તો પણ પર્યાવરણની દ્રષ્ટિએ તેના ફાયદા બિલકુલ ગ્રીન હાઈડ્રોજન જેવા જ છે. આગામી સમયમાં પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટરમાં કોમર્શિયલ લેવલ પર ન્યૂક્લિયર હાઈડ્રોજન બનાવવાનો રસ્તો સાફ થશે.

# દેશમાં ૧૨માંથી ૬ સેમિકંડક્ટર પ્રોજેક્ટ ગુજરાતમાં

### એક સેમિકંડક્ટર એટલે કે એક ચિપ બનાવવામાં ૧૪૦ લિટર પાણીનો અને ૧.૫ કિલોવોટ વીજળીની જરુર પડે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦
વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની શરૂઆત થઈ ચૂકી છે. આ અંતર્ગત સેમિકંડક્ટર ક્ષેત્રમાં ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) અને તેના વિકાસને વેગ આપવા માટે એક ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારત સરકારના 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન'ના ડાયરેક્ટર ડૉ. મનિષકુમાર હુડા પણ ખાસ હાજર રહ્યા હતા. ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, 'ભારતમાં અત્યાર સુધીમાં સેમિકંડક્ટર ઉત્પાદન માટે કુલ ૧૨ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી ૬ પ્રોજેક્ટ્સ એકલા ગુજરાતમાં જ સ્થાપવામાં આવી રહ્યા છે. આ સફળતા પાછળનું મુખ્ય કારણ એ છે કે ગુજરાતે અન્ય રાજ્યોની સરખામણીએ સેમિકંડક્ટર ક્ષેત્રમાં રોકાણકારોને આકર્ષવા માટે ઘણી



વહેલી પોલિસી (નીતિ) બનાવી દીધી હતી. હાલમાં દેશભરમાં આ ક્ષેત્રે આશરે ૧.૭૦ લાખ કરોડ રૂપિયાનું મોટું રોકાણ થઈ ચૂક્યું છે. આગામી સમયમાં ભારતમાં બીજા ૬ નવા પ્રોજેક્ટ્સ શરૂ થાય તેવી પૂરી સંભાવના છે, જેના કારણે અત્યારે દેશના ૧૨ રાજ્યો વચ્ચે વધુને વધુ રોકાણ મેળવવા માટે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે.'ડૉ. મનિષકુમાર હુડાએ વધુમાં કહ્યું હતું કે, 'સેમિકંડક્ટરની ૨૦૩૫ સુધીમાં ભારત પોતાની જરુરિયાતના ૫૦% સેમિકંડક્ટરનું ઉત્પાદન કરતું હશે બીજી તરફ ૨૦૩૦ સુધીમાં વિશ્વની સેમિકંડક્ટરની માગ ૧૧૦ બિલિયનથી વધીને એક ટ્રિલિયન ડોલર સુધી પહોંચે તેવી શક્યતા છે. ભારત મેન્યુફેક્ચરિંગમાં ભલે પાછળ રહ્યું હોય પણ સેમિકંડક્ટરની ડિઝાઈન ૧૯૯૯થી બનાવી રહ્યું છે અને આ એક મહત્ત્વની પ્રક્રિયા છે.

જેના દમ પર અને વિશાળ માર્કેટના આધારે, સરકારની નીતિઓના કારણે હવે આ ક્ષેત્રમાં વિદેશી કંપનીઓને ભારત રોકાણ માટે આકર્ષી રહ્યું છે.'એક સેમિકંડક્ટર એટલે કે એક ચિપ બનાવવામાં ૧૪૦ લિટર પાણીનો અને ૧.૫ કિલોવોટ વીજળીની જરુર પડે છે. તેના માટે સતત વીજ સપ્લાય પૂરો પાડવો પડે છે. સેમિકંડક્ટર ક્ષેત્રની આ જરુરિયાત પૂરી પાડવાની ક્ષમતા ભારત પાસે છે.

# ફરી એકવાર મોદી વતનની મુલાકાતે આવશે



અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૩૦ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ સાણંદ ખાતે દેશના મહત્વપૂર્ણ એવા ત્રીજા સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ ભારતને વૈશ્વિક ટેકનોલૉજી અને ચિપ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક માઈલસ્ટોન સાબિત થશે.

સાણંદ ખાતે કાર્યરત થઈ રહેલો આ નવો સીજી મિકન્ડક્ટર પ્લાન્ટ અદ્યતન ટેકનોલૉજીથી સજ્જ છે. આ ફેસિલિટી મુખ્યત્વે સેમિકન્ડક્ટરના એસેમ્બલિંગ અને ટેસ્ટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે. સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમમાં આ તબક્કો અત્યંત મહત્ત્વનો ગણાય છે, કારણ કે તૈયાર વેફરને ઉપયોગી ચિપ્સમાં ફેરવવા માટે આ પ્રક્રિયા અનિવાર્ય છે.ગુજરાત સરકારની પ્રોત્સાહક નીતિઓ અને કેન્દ્ર સરકારના મેક ઈન ઈન્ડિયા અભિયાનના કારણે રાજ્યમાં સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી ઝડપથી વિકસી રહી છે. સાણંદમાં આ પ્લાન્ટ શરૂ થવાથી માત્ર સ્થાનિક રોજગારીમાં જ વધારો નહીં થાય, પરંતુ ભારતની વૈશ્વિક સપ્લાય ચેઈનમાં પણ પકડ મજબૂત બનશે. આ પ્રોજેક્ટથી ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ અને અન્ય ટેકનિકલ ક્ષેત્રોને મોટો ફાયદો થશે.

# દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની ચેતવણી

અમારા પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૩૦ઃ ગુજરાતમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી બાદ હવે ઓફિશિયલ ચોમાસાએ બરાબરની જમાવટ કરી દીધી છે. અમદાવાદ સ્થિત હવામાન કેન્દ્રના ડાયરેક્ટરના જણાવ્યા મુજબ, બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમના કારણે આગામી ૨ થી ૩ દિવસ રાજ્ય માટે ખૂબ મહત્વના છે.

દક્ષિણ ગુજરાત- સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે ત્યારે આજે વહેલી સવારથી જ દક્ષિણ ગુજરાતના ડાંગ અને વલસાડના અંતરિયાળ વિસ્તારોમાં ધીમીધારે વરસાદ શરૂ થઈ ગયો છે, જે આગામી કલાકોમાં ભારે વરસાદમાં પરિવર્તિત થઈ શકે છે. દરમિયાનમાં આજે સાંજે ૭ વાગ્યા સુધીમાં ૨૦ તાલુકાઓમાં નોંધાયો હતો. નોંધપાત્ર વરસાદ જોઈએ તો નવસારી શહેરોમાં સૌથી ૩.૭ ઈંચ વરસાદ પડ્યો હતો. અન્ય તાલુકાઓમાં જોઈએ તો અમરેલીના સાવરકુંડલામાં ૩.૧૧, વલસાડના ધરમપુરમાં ૨.૭૬, સુરત શહેરોમાં ૨.૪, સુરતના કામરેજમાં ૨.૩૮, નવસારીના જલાલપોરમાં ૨.૦૫, ખેડાના વસોમાં ૧.૮૫, સુરતના પલસાણામાં ૧.૮૫, વલસાડના નાનાપોંધામાં ૧.૭૭, સુરતના અંબિકામાં ૧.૬૧, મહુવામાં ૧.૬૧, ડાંઘના વઘઈમાં ૧.૬૧, સુરતના બારડોલીમાં ૧.૫૪, ઓલપાડમાં ૧.૩૮, ગીર સોમનાથના ઉનામાં ૧.૩૪, સુરતના ચોરાસીમાં ૧.૩, સુરતના માંગરોળમાં ૧.૧૮, તાપીના વલોજમાં ૧.૧૪ અને નવસારીના ચિખલીમાં ૧.૧ ઇંચ વરસાદ નોંધાયો હતો.

આ સાથે હવામાન વિભાગે કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા નગરહવેલીમાં પણ સહેલાણીઓને દરિયાકાંઠાથી દૂર રહેવા જણાવાયું છે. પવનની ગતિ ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની હોવાથી કાચા મકાનો, હૉર્ડિંગ્સ અને વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ સામે સાવચેતી રાખવા અપીલ કરાઈ છે.

બીજી તરફ ૩ અને ૪ સુરત, નવસારી, ડાંગ, તાપી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારે વરસાદની શક્યતા હોવાથી રેડ ઍલર્ટ જાહેર કરવામાં આવી છે. જ્યારે ૪થી ૬ જુલાઈ દરમિયાન જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં ભારે વરસાદ પડવાની આગાહી છે.

### વાઈબ્રન્ટ સમિટ અને કોન્ફરન્સ રાજ્ય માટેના ટેક ઓફ પ્લેટફોર્મ : મુખ્યમંત્રી

# VGRC નું કેન્દ્રીય રક્ષા મંત્રી, રાજ્ય મંત્રી, રાજદ્વારીઓ, રોકાણકારોની ઉપસ્થિતિમાં સમાપન

### ૩.૩૪ લાખ કરોડના રોકાણો સાથે ૩,૭૫૯ MoU થયા, ૧.૯૭ લાખ સંભવિત રોજગારની તકો ભારતની આ વિકાસયાત્રા રિમાર્કેબલ, આપણે ભવિષ્યની કલ્પના નથી કરવાની પરંતુ તેનું નિર્માણ કરવાનું છે : રક્ષામંત્રી રાજનાથ સિંહ

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૩૦ : કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથસિંહ, કેન્દ્રીય રાજ્ય મંત્રી રાજીવ રંજન, રાજ્યમંત્રી ડો. મનીષાબેન વકીલ, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પદાધિકારીઓ, સભ્યો, ડેલિગેટ્સ અને વરિષ્ઠ સચિવો અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડોદરામાં મધ્ય ગુજરાત પ્રદેશની રિજનલ એસ્પીરેશન-ગ્લોબલ એમ્બિશનની થીમ સાથેની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું ભવ્ય સમાપન થયું હતું. જેમાં, સમગ્રતયા ૩.૩૪૩ લાખ કરોડથી વધુના રોકાણો સાથે ૩,૭૫૯ ૫્ થયા હતા. જેના પરિણામે આવનારા દિવસોમાં રાજ્યમાં ૧.૯૭ લાખ રોજગારીની સંભવિત તકો ઊભી થશે. આ સમાપન સમારોહમાં ઝાયડેક્સ ગૃપના ચેરમેન અજય રંકા અને રૂબામિનના ચેરમેન એન્ડ એમ.ડી. અતુલ દાલમીયાએ વક્તવ્યો આપ્યા હતા. પ્રારંભમાં ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્માએ VGRCની સંપૂર્ણ વિગતોનું પ્રેઝન્ટેશન કર્યુ હતું. GSFCUના પ્રેસિડેન્ટ પી.કે.તનેજાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કોન્ફરન્સના સમાપન સામરંભમાં મુખ્ય પ્રવક્તા તરીકે રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે, ૨૦૧૪માં ભારતનું ડિફેન્સ પ્રોડક્શન ૪૬ હજાર કરોડનું હતું. જે પાછલા દશકમાં વધીને ૧.૭૮ લાખ કરોડ થયું છે. આ ઉપરાંત ૩૯ હજાર કરોડનું એક્સપોર્ટ પણ ભારતે કર્યું છે. મહાન રાષ્ટ્ર-આર્થિક, તકનીકી અને રાષ્ટ્રીય સુરક્ષા જેવા ત્રણ પાયા પર ઉભુ હોય છે.

આ ક્ષેત્રમાં જે આગળ હશે તે જ લીડ લેશે ત્યાં જ ઈનોવેશન થશે. છેલ્લા એક દાયકામાં ડિફેન્સ સેક્ટરમાં અનપ્રેસીડન્ટ ફેરફાર થયા છે. પહેલાં આપણે ડિફેન્સ ક્ષેત્રે આયાત કરતા હતા પરંતુ ભારત હવે ડિફેન્સ મેન્યુફેક્ચરીંગમાં આગળ વધી રહ્યું છે. ગુજરાતની રોબસ્ટ ઈન્ડસ્ટ્રી, સ્પિરીટ અને કૌશલ્ય દેશની આત્મનિર્ભરતાની યાત્રામાં મોટો ફાળો આપી શકે અને ડિફેન્સ ક્ષેત્રે ગુજરાત હબ બની શકે એમ છે.

રક્ષામંત્રીએ કહ્યું હતું કે, આજે ભારતની પહેલા પ્રાઈવેટ મિલીટરી એરક્રાફ્ટ ફેસિલિટીનું કેન્દ્ર વડોદરા બન્યું છે. ટાટા એરબેસ C-295 પ્રોજેક્ટ એ અભૂતપૂર્વ માઈલસ્ટોન છે. જ્યારે, સાણંદ અને ધોલેરાનાં સેમિકંડક્ટર હબ ટેકનોલોજીના આધારસ્તંભ છે. ગુજરાતનાં કેમિકલ અને પેટ્રોનો બેઝ પણ સંરક્ષણ ક્ષેત્રનાં ઉત્પાદનમાં યોગદાન આપી શકે છે. આ ઉપરાંત ઈલેક્ટ્રોનિક ઈન્ડસ્ટ્રી, પોર્ટ, મેરીટાઈમ, શીપ બિલ્ડીંગ જેવા ગુજરાતનાં ક્ષેત્ર પણ ડિફેન્સ પ્રોડક્શનમાં ઉપયોગી સાબિત થઇ શકે છે. ગ્રીન એનર્જી પણ ડિફેન્સ સેક્ટર માટે નવો રસ્તો ખોલી શકશે. આજે ભારત આત્મનિર્ભારતાના રથ પર સવાર થઈને વૈશ્વિક સ્તરે હુંકાર ભરી રહ્યું છે. ભારતની આ વિકાસયાત્રા રિમાર્કેબલ છે. આપણે ભવિષ્યની કલ્પના નથી કરવાની પરંતુ તેનું નિર્માણ કરવાનું છે. જેમાં ભારતની વિવિધ પ્રોડક્ટો ગ્લોબલ માર્કેટમાં હોય. ભારતની આત્મનિર્ભરતા એ વિશ્વથી અલગાવ નથી પરંતુ વૈશ્વિક મંચ પર બધા સાથે ભાગીદારી છે.

### ઈરાને કહ્યું- અમે કોઈ બેઠકમાં જવાના નથી

# અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાર્તા અદ્ધરતાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦
કતારના પાટનગર દોહામાં અમેરિકા અને ઈરાન વચ્ચે મંગળવારે યોજાનારી સંભવિત વાતચીત અત્યારે સંપૂર્ણપણે અદ્ધરતાલ લટકી ગઈ છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે અમેરિકા અને ઈરાનનું પ્રતિનિધિમંડળ દોહામાં મુલાકાત કરવાનું છે. પરંતુ, આ જાહેરાતના ગણતરીના કલાકોમાં જ ઈરાને સ્પષ્ટ નકારો ભણી દીધો છે કે આગામી દિવસોમાં અમેરિકા સાથે કોઈ પણ પ્રકારની વાતચીતનો કોઈ કાર્યક્રમ નક્કી નથી. ઈરાનના આ ચોંકાવનારા નિવેદને બંને દેશો વચ્ચે ચાલી રહેલા નાજુક શાંતિ કરારની લાઈફલાઈનને નબળી પાડી દીધી છે. હોર્મુઝની ખાડીમાંથી જહાજોના પસાર થવા મુદ્દે ચાલી રહેલા મતભેદો ફરી સપાટી પર આવ્યા છે.

આ સમગ્ર ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે હજુ થોડા દિવસો પહેલા જ બંને દેશો વચ્ચે સ્વિટ્ઝરલેન્ડમાં સૈન્ય સંઘર્ષ સમાપ્ત કરવા માટે એક ડીલ થઈ હતી. એવું લાગી રહ્યું હતું કે મિડલ ઈસ્ટનું મહાયુદ્ધ હવે શાંતિની દિશામાં આગળ વધી રહ્યું છે. પરંતુ અચાનક હોર્મુઝમાં જહાજોની અવરજવર અંગે નવો વિવાદ શરૂ થયો, જેના જવાબમાં અમેરિકાએ ઈરાનના શહેરો પર ભારે બોમ્બમારો પણ કર્યો હતો. દોહામાં યોજાનારી આ બેઠક અંગે ઈરાનના વિદેશમંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બગાઈએ જણાવ્યું કે, ઈરાનનું એક પ્રતિનિધિમંડળ આ અઠવાડિયે કતારની મુલાકાતે જશે ખરું, પરંતુ આ પ્રવાસને દોહામાં અમેરિકાના અધિકારીઓ સાથેની કોઈ બેઠક કે વાર્તાલાપ સાથે કોઈ લેવાદેવા નથી. તેહરાન અને અમેરિકા વચ્ચે આગામી દિવસોમાં કોઈ વાતચીત નક્કી થઈ નથી.

# હું કોઈની કઠપૂતળી નથી': મેલોની

(સંપૂર્ણ સમાચાર સેવા)
